જુલાઈ ૨૦૧૪

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



## 'જ્ઞાની પુરુષ'નો શુદ્ધ પ્રેમ...

જે આમ ઉઘાડો દેખાય ત્યાં બાળકો પણ બેસી રહે, અભણ બેસી રહે, ભણેલા બેસી રહે, બુદ્ધિશાળીઓ બેસી રહે, બધા લોકો સમાય. કારણ કે વાતાવરણ ત્યાં એટલું બધું સુંદર હોય !

તંત્રી : ડિમ્પલ મહેતા
વર્ષ : ૧૯, અંક : ૧૧
સળંગ અંક : ૨૨૭
જુલાઈ ૨૦૧૪

સંપર્ક સૂત્ર :
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
દાદાવાણી ફરિયાદ માટે : ૮૧૫૫૦૦૭૫૦૦

Printed & Published by
Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

Printed at
Amba Offset
Basement, Parshvanath Chambers, Nr.RBI, Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

કુલ ૩૨ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
૧૫ વર્ષ
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'જ્ઞાની પુરુષ' - અજોડ પ્રેમાવતાર

### સંપાદકીય

આ જગતમાં પ્રેમ શબ્દથી કોણ અજાણ હશે ? પણ ખરા અર્થમાં પ્રેમ એટલે શું એ કોણ જાણતું હશે ? સંસારમાં જે પ્રેમ શબ્દનો ઉપયોગ થાય છે, એ તો ખરેખર આસક્તિ છે. સાચો પ્રેમ તો જગતે જોયો છે જ ક્યાં ? સાચો પ્રેમ તો એ કે જે કદી વધ-ઘટ ના થાય. અપમાન કરે તોય એવો જ પ્રેમ માન આપે તોય એવો જ પ્રેમ અને કાયમને માટે એકધારો, એવો ને એવો રહે. એ સાચો પ્રેમ ક્યાં પ્રાપ્ત થાય ? ત્યારે કહે, વીતરાગો પાસે, જ્ઞાનીઓ પાસે કે જે પોતે પ્રેમસ્વરૂપ થયેલા હોય.

એવા જ પ્રેમસ્વરૂપ પરમ પૂજ્ય દાદા ભગવાન, એક સામાન્ય વ્યક્તિમાંથી સાચી સમજ અને સ્વપુરુષાર્થે, સામાન્યપણામાંથી મુક્ત થઈ એક અસામાન્ય વ્યક્તિત્વને પામ્યા. અને એ વ્યક્તિત્વમાં પ્રેમની સૌરભ નિરંતર પ્રસરતી, એ એમના પરિચયમાં આવેલ દરેક વ્યક્તિએ અનુભવીને હર્ષની અનેરી લાગણી અનુભવી.

જે પોતે પ્રેમસ્વરૂપ થયેલા છે અને જેમને આ જગતના સર્વે જીવો પ્રત્યે નિસ્વાર્થ, કોઈ પણ જાતની અપેક્ષા રહિત પ્રેમ છે, એવી વ્યક્તિને વિશેષણોથી કેમ કરીને નવાજી શકાય ? ખરેખર તો એ અપ્રતિમ, નિર્મળ પ્રેમ એ જ સાક્ષાત્ પરમાત્મા છે. એ જ પ્રગટ પરમાત્મા 'દાદા ભગવાન'ની પ્રેમસ્વરૂપની વિશાળતાનો પરિચય પામી, અહોભાવ સાથે હૃદયથી સહજ જ વંદન થઈ જાય છે. અહો એ પ્રેમલ પુષ્પની કુમાશ અને સૌરભ ! એ તો જે માણે એ જ જાણેને ?

પ્રસ્તુત સંકલનમાં આપણને દાદાશ્રીની પ્રેમની અનુભવપૂર્ણ વર્તનાનો તાદૃશ્ય ચિતાર, કે જે ખરોખર શબ્દોમાં જ નહીં, પણ જે અનુભવગમ્ય છે તેનો કરુણાસભર અણસાર વાક્યે... વાક્યે જોવા-જાણવા મળે છે.

શુદ્ધ પ્રેમ કે જે ઈશ્વરીય પ્રેમ કહેવાય છે કે જેમાં કોઈ રાગ-દ્વેષ નથી, મતભેદ નથી, અપેક્ષા નથી, યાચના નથી, પણ કેવળ નિઃસ્વાર્થ પ્રેમ છે. ત્યાં આસક્તિ-વિકાર હોતા નથી, હોય છે ફક્ત નિર્મળતા, અભેદતા, નિર્દોષ દૃષ્ટિ અને સામાના કલ્યાણની એક માત્ર ભાવના. અને એ પ્રેમ એક વ્યક્તિ પૂરતો સિમિત ના રહેતા આખા વર્લ્ડ માટે, જીવમાત્ર માટે અસીમ વહેતો હોય.

આવો ઘાટ વગરનો, આસક્તિ વગરનો શુદ્ધ પ્રેમ ક્યારે ઉત્પન્ન થાય ? ત્યારે કહે, શુદ્ધાત્મા પદ પ્રાપ્ત થાય ત્યારથી. પોતે શુદ્ધાત્મા પદમાં રહી, ફાઈલ નં-૧ થી જુદા રહી, દરેકને શુદ્ધ સ્વરૂપે જુએ ત્યારથી શુદ્ધ પ્રેમની શરૂઆત થવા માંડે. અને એમ અભ્યાસ થતા થતા અંતે પોતે જ પ્રેમસ્વરૂપ થઈ જાય.

પરમ પૂજ્ય દાદાશ્રીની એ જ ભાવના હતી કે, જે પ્રેમ તમે અમારા થકી ચાખ્યો છે, એવો જ પ્રેમ તમે, પ્રેમસ્વરૂપ થઈને બીજા પ્રત્યે વહાવો. એ પ્રેમના પુનિત પ્રવાહમાં આપ તો તરીને મોક્ષને કિનારે તો પહોંચી શકશો પણ બીજાને પણ તારવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકશો. તો ચાલો, આ પુનિત પ્રેમ પ્રસાદીના આરાધન થકી આપણે પણ પ્રેમસ્વરૂપ થવાનો નિશ્ચય કરી, તેમ થવાનો પુરુષાર્થ પ્રારંભીએ.

**જય સચ્ચિદાનંદ.**

# 'જ્ઞાની પુરુષ' - અજોડ પ્રેમાવતાર

## પ્રેમ દાખવો એ જ ખરું સુખ

**પ્રશ્નકર્તા :** જીવોને કયા કયા પ્રકારે સુખ આપી શકાય ? આમાં કયા પ્રકારનું સુખ અન્યને આપવાથી આપનારને ફળરૂપે વધારેમાં વધારે સુખ ઉત્પન્ન થાય ? વિસ્તૃતથી સમજાવવા કૃપા કરશોજી.

**દાદાશ્રી :** સુખ તો, (કોઈ) માણસને અડચણ હોય, એની અડચણ પૂરતી, આપણી પાસે ચીજ વધારે હોય તો એને આપીએ તો એને આનંદ થાય, એને સુખ થાય. અને એ સુખનું ફળ તમને સુખ આવે જ. તો જો સુખ જોઈતું હોય તો લોકોને સુખ આપો, દુઃખ જોઈતું હોય તો દુઃખ આપો. જે જોઈતું હોય એ આપો. ભગવાનનો બીજો કોઈ કાયદો નથી. આ તમારું જે દુઃખ છે એ તમે આપેલું દુઃખ છે. તમારે ત્યાં પાછું આવેલું છે. એ ઉપરથી સમજી લેજો કે 'તમે કેવું આપનાર છો, વેપારી કેવા છો' એ તમને સમજાઈ જશે.

સુખ તો, ખરેખરું સુખ કેવી રીતે અપાય ? ત્યારે કહે, સ્વાર્થ વગરનો પ્રેમ ! કોઈ પણ સ્વાર્થ વગરનો પ્રેમ દાખવો તો એ ખરું સુખ આપી શકાય. આ અત્યારે બૈરાં-છોકરાં બધા સ્વાર્થનો જ પ્રેમ. આ જો સિનેમા (જોવા) ના લઈ જઈએને બે-ચાર મહિના, તો પછી મોઢું બગાડે. એટલે આ બધો સ્વાર્થનો પ્રેમ છે. જો સ્વાર્થ વગરનો પ્રેમ રાખો તો લોકોને આનંદ થાય.

**પ્રશ્નકર્તા :** બરોબર છે.

**દાદાશ્રી :** વધારેમાં વધારે સુખ ઉત્પન્ન કરવા માટે સ્વાર્થ વગરનો પ્રેમ રાખવો જોઈએ.

## કબીર સાહેબે આપી પ્રેમની ખરી વ્યાખ્યા

હું જ નાનપણમાં પ્રેમની વ્યાખ્યા ખોળતો હતો. તે મને થયું, પ્રેમ શું હશે ? આ લોકો 'પ્રેમ પ્રેમ' કર્યા કરે છે તે પ્રેમ શું હશે ? તે પછી બધા પુસ્તકો જોયા, બધા શાસ્ત્રો વાંચ્યા, પણ પ્રેમની વ્યાખ્યા કોઈ જગ્યાએ જડે નહીં. મને અજાયબી લાગી કે કોઈ શાસ્ત્રોએ પ્રેમ શું છે એવી વ્યાખ્યા જ નથી કરી ! પછી જ્યારે કબીર સાહેબનું પુસ્તક જોયું ત્યારે દિલ ઠર્યું કે પ્રેમની વ્યાખ્યા તો આમણે કરી છે. એ વ્યાખ્યા મને કામ લાગી. એ શું કહે છે કે,

'ઘડી ચઢે, ઘડી ઊતરે, વોહ તો પ્રેમ ના હોય,
અઘટ પ્રેમ હી હૃદય બસે, પ્રેમ કહીએ સોય.'

એમણે (સાચી) વ્યાખ્યા કરી. મને તો બહુ સુંદર લાગી હતી વ્યાખ્યા. 'કહેવું પડે કબીર સાહેબ, ધન્ય છે !' આ સાચામાં સાચો પ્રેમ. ઘડી ચઢે ને ઘડી ઉતરે, એને પ્રેમ કહેવાય ?

## સાચા પ્રેમની પરિભાષા

**પ્રશ્નકર્તા :** તો સાચો પ્રેમ કોનું નામ કહેવાય ?

**દાદાશ્રી :** સાચો પ્રેમ, જે વધે નહીં, ઘટે નહીં એ ! અમારો જ્ઞાનીઓનો પ્રેમ એવો હોય, જે વધઘટ ના થાય. એવો અમારો સાચો પ્રેમ આખા વર્લ્ડ (દુનિયા) ઉપર હોય અને એ પ્રેમ તો પરમાત્મા છે.

**પ્રશ્નકર્તા :** છતાંય જગતમાં ક્યાંક તો પ્રેમ હશેને ?

**દાદાશ્રી :** કોઈ જગ્યાએ પ્રેમ જ નથી. પ્રેમ જેવી વસ્તુ જ આ જગતમાં નથી. બધી આસક્તિ જ છે. એ તો અવળું બોલીએને, ત્યારે તરત ખબર પડી જાય.

હમણે આ ભાઈ આવ્યા વિલાયતથી, તે આજ તો એની જોડે ને જોડે બેસી રહેવાનું ગમે. એની જોડે જમવાનું-ફરવાનું ગમે. અને બીજે દહાડે એ આપણને કહે, 'નોનસેન્સ જેવા થઈ ગયા છો.' એટલે થઈ રહ્યું ! અને 'જ્ઞાની પુરુષ'ને તો સાત વખત 'નોનસેન્સ'

કહે તોય કહેશે, 'હા, ભાઈ, બેસ, તું બેસ.' કારણ કે 'જ્ઞાની' પોતે જાણે છે કે આ બોલતો નથી, આ રેકર્ડ બોલી રહી છે.

આ ખરો પ્રેમ તો કેવો છે કે જેની પાછળ દ્વેષ જ ના હોય. જ્યાં પ્રેમમાં પ્રેમની પાછળ દ્વેષ છે, એ પ્રેમને પ્રેમ કહેવાય જ કેવી રીતે ? એકધારો પ્રેમ હોવો જોઈએ.

## ના વધે-ઘટે એ સાચો પ્રેમ

**પ્રશ્નકર્તા :** તો સાચો પ્રેમ એટલે વધઘટ ના થાય ?

**દાદાશ્રી :** સાચો પ્રેમ વધઘટ ના થાય, એવો જ હોય. આ તો પ્રેમ થયેલો હોય તો જો કદી ગાળો ભાંડીએ તો એની જોડે ઝઘડો થઈ જાય અને ફૂલો ચઢાવીએ તો પાછો આપણને ચોંટી પડે.

**પ્રશ્નકર્તા :** વ્યવહારમાં ઘટે-વધે એવી રીતે જ હોય.

**દાદાશ્રી :** આ લોકોનો પ્રેમ તો આખો દહાડો વધઘટ જ થયા કરેને ! છોકરાં-છોડીઓ બધા પર જો વધઘટ જ થયા કરેને ! સગાવહાલા, બધેય વધઘટ જ થાય છે ને ? અરે, પોતાની જાત ઉપરેય વધઘટ જ થયા કરેને ! ઘડીમાં અરીસામાં જુએ તો કહે, 'હવે હું સારો દેખાઉ છું.' ઘડી પછી 'ના, બરોબર નથી' કહેશે. તે જાત ઉપરેય પ્રેમ વધઘટ થાય. આ જવાબદારી નહીં સમજવાથી જ આ બધું થાય છે ને ! કેટલી મોટી જવાબદારી !

**પ્રશ્નકર્તા :** ત્યારે આ લોકો કહે છે ને, પ્રેમ કેળવો, પ્રેમ કેળવો !

**દાદાશ્રી :** પણ આ પ્રેમ જ ન્હોયને ! એ તો લૌકિક વાતો છે. આને પ્રેમ કોણ કહે તે ? લોકોનો પ્રેમ જે વધઘટ થાય એ બધી આસક્તિ, નરી આસક્તિ ! જગતમાં આસક્તિ જ છે. પ્રેમ જગતે જોયો નથી.

## જગતનો પ્રેમ એ છે આસક્તિ

દુનિયામાં જ્યાં તમે જુઓ છો તે બધો જ પ્રેમ એ ઘાટવાળો પ્રેમ. બૈરી-ધણીનો, મા-બાપનો, બાપ-દીકરાનો, મા-દીકરાનો, શેઠ-નોકરનો, દરેકનો પ્રેમ ઘાટવાળો હોય. ઘાટવાળો છે એ ક્યારે સમજાય કે જ્યારે એ પ્રેમ ફ્રેક્ચર થાય. જ્યાં સુધી મીઠાશ વર્તે ત્યાં સુધી કાંઈ ના લાગે, પણ કડવાટ ઊભી થાય ત્યારે ખબર પડે. અરે, આખી જિંદગી બાપની સંપૂર્ણ આમન્યામાં રહ્યો હોય ને એક જ વખત ગુસ્સામાં, સંજોગવશાત્ જો બાપને બેટો 'તમે અક્કલ વગરના છો' એમ કહે, તો આખી જિંદગી માટેનો સંબંધ તૂટી જાય. બાપ કહે, તું મારો બેટો નહીં ને હું તારો બાપ નહીં. જો સાચો પ્રેમ હોય તો તો એ કાયમ માટે એવો ને એવો જ રહે, પછી ગાળો ભાંડો કે ઝઘડો કરે. એ સિવાયના પ્રેમને તો સાચો પ્રેમ શી રીતે કહેવાય ? ઘાટવાળો પ્રેમ તેને જ આસક્તિ કહેવાય. એ તો વેપારી અને ગ્રાહક જેવો પ્રેમ છે, સોદાબાજી છે. જગતનો પ્રેમ તો આસક્તિ કહેવાય. પ્રેમનું અતિરેક તે આસક્તિ.

જગત આસક્તિને પ્રેમ ગણીને મૂંઝાય છે. સ્ત્રીને ધણી જોડે કામ ને ધણીને સ્ત્રી જોડે કામ. આ બધું કામથી ઊભું થયું છે. કામ ના થાય તો મહીંથી બધા બૂમો પાડે, હલ્લો કરે. સંસારમાં એક મિનિટ પણ પોતાનું કોઈ થયું નથી. એક 'જ્ઞાની પુરુષ' જ પોતાના થાય. તેથી ભગવાને કહ્યું, 'જીવમાત્ર અનાથ છે.'

**પ્રશ્નકર્તા :** તો પ્રેમ અને રાગ એ બન્ને શબ્દો સમજાવો.

**દાદાશ્રી :** રાગ એ પૌદ્ગલિક વસ્તુ છે અને પ્રેમ એ સાચી વસ્તુ છે. હવે પ્રેમ કેવો હોવો જોઈએ કે વધે નહીં, ઘટે નહીં, એનું નામ પ્રેમ કહેવાય. અને વધે-ઘટે એ રાગ કહેવાય. એટલે રાગમાં અને પ્રેમમાં ફેર એવો છે કે પેલું એકદમ વધી જાય તો એને રાગ કહેવાય, એટલે ફસાયો પછી. જો પ્રેમ વધી જાય તો

રાગમાં પરિણામ પામે. પ્રેમ ઉતરી જાય તો દ્વેષમાં પરિણામ પામે. એટલે એનું નામ પ્રેમ કહેવાય જ નહીંને ! એ તો આકર્ષણ ને વિકર્ષણ છે. એટલે આપણા લોકો જેને પ્રેમ કહે છે, તેને ભગવાન આકર્ષણ કહે છે.

## ખરો પ્રેમ ના ચઢે-ઉતરે

પ્રેમ તો એનું નામ કહેવાય કે, જોડેને જોડે રહેવાનું ગમે. તેની બધી જ વાત ગમે. તેમાં એક્શન એન્ડ રિએક્શન ના હોય. પ્રેમ પ્રવાહ તો સરખો જ વહ્યા કરે. વધઘટ ના હોય, પૂરણ-ગલન ના હોય. આસક્તિ પૂરણ-ગલન સ્વભાવની હોય.

કોઈ છોકરો અક્કલ વગરની વાત કરે કે 'દાદાજી, તમને તો હું હવે ખાવાય નહીં બોલાવું અને પાણીય નહીં પાઉ', તોય 'દાદાજી'નો પ્રેમ ઉતરે નહીં અને એ સારું જમાડ જમાડ કરે તોય 'દાદાજી'નો પ્રેમ ચઢે નહીં, એને પ્રેમ કહેવાય. એટલે જમાડો તોય પ્રેમ, ના જમાડો તોય પ્રેમ, ગાળો ભાંડો તોય પ્રેમ અને ગાળો ના ભાંડો તોય પ્રેમ, બધે પ્રેમ દેખાય. એટલે ખરો પ્રેમ તો અમારો કહેવાય. એવો ને એવો જ છે ને ? પહેલે દહાડે જે હતો, તેનો તે જ છે ને ? અરે, તમે મને વીસ વર્ષે મળોને, તોય પ્રેમ વધે-ઘટે નહીં, પ્રેમ તેનો તે જ દેખાય ! જ્ઞાનીનો પ્રેમ તે શુદ્ધ પ્રેમ છે. આવો પ્રેમ ક્યાંય જોવા નહીં મળે.

## જ્ઞાનીનો શુદ્ધ પ્રેમ

**પ્રશ્નકર્તા :** દાદા, શુદ્ધ પ્રેમ એટલે શું ?

**દાદાશ્રી :** જેમાં કોઈ પણ પ્રકારનો ઘાટ નહીં. એ મને કામ લાગશે એવું નહીં. આ મને કામ લાગશે, એ શુદ્ધ પ્રેમ નહીં. આ અમારો શુદ્ધ પ્રેમ તારી પર છે, તે તને અમારો શું ઘાટ હશે એ કહે ? એ શુદ્ધ પ્રેમ. આ દાદા રાખે છે એ શુદ્ધ પ્રેમ કહેવાય. કશો ઘાટ નહીં. કોઈની પાસે કશું જ જોઈતું નથી. કંઈ પણ જોઈતું નથી, કોઈ પણ ઈચ્છા નથી. કેવળ તમારા હિતને માટે, તમારા કલ્યાણને માટે જ પ્રેમ છે ને સરખો જ પ્રેમ છે. વધતો-ઓછો દેખાય છે એ એના પ્રારબ્ધના આધીન.

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું છે કે શુદ્ધાત્મા સિવાય કોઈ શુદ્ધ પ્રેમ આપી ના શકે.

**દાદાશ્રી :** ના આપી શકે. હવે તમે શુદ્ધ પ્રેમ રાખવાનો અભ્યાસ કરી શકો. સામો ગાળો ભાંડે તોય શુદ્ધ દેખાવો જોઈએ. કારણ કે ગાળો ભાંડે છે તે, આ તો આપણા કર્મના ઉદયે આ ભમરડો (પ્રકૃત્તિ) ગાળો ભાંડે છે આપણને. પણ ભમરડાની બહાર એ 'પોતે' બેઠાં છે. ભમરડો જુદો ને શુદ્ધાત્મા જુદો. ભમરડો ક્રિયાકારી હોય, શુદ્ધાત્મા અક્રિય હોય.

**પ્રશ્નકર્તા :** એવી શુદ્ધ પ્રેમની ક્ષણો હોઈ શકે ખરી, અશુદ્ધ પ્રેમમાં પણ ?

**દાદાશ્રી :** હોયને ! તમને તમારી શુદ્ધ પ્રેમની ક્ષણો ઉત્પન્ન થવી જોઈએ ને બધી, ત્યારથી તો મોઢા ઉપરનું તેજ આવવા માંડ્યું. નહીં તો તેજ તો આવતું હશે ? રૂપાળા દેખાય, ગોરા દેખાય પણ તેજ ના હોય. શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થયો તેથી તેજ આવ્યું. હવે તમને મનમાં એમ છે કે હવે કોઈનું કશું આપણે જોઈતું-કરતું નથી. હવે તો બસ નિવેડો લાવવો છે એ પહેલો. એ ત્યાંથી જ શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થયો.

**પ્રશ્નકર્તા :** દાદા, એ શુદ્ધ પ્રેમમાં આપણે કોઈની પાસે લેવાની આશા ના હોય, કોઈ પાસે અપેક્ષા ન્હોય.

**દાદાશ્રી :** કોઈ પણ લાગણી જ ના હોયને ! વિષય સંબંધની લાગણી કે પૈસા સંબંધની લાગણી કે મદદ સંબંધની, (એની) કોઈ પણ જાતની લાગણી નહીં, એનું નામ શુદ્ધ પ્રેમ.

**પ્રશ્નકર્તા :** પણ એમાં આપણે આપવાની ભાવના હોઈ શકે ખરી ?

**દાદાશ્રી :** નહીં, આપવાનીયે ભાવના નહીં,

એય લાગણી કહેવાય. અને આપવું એ તો લેવાનો, એ તો રિટર્ન થવાનું. એટલે આપવાનુંય નહીં. પછી આપવું-લેવું એ વ્યવહાર બધો આપણો જુદી વસ્તુ છે. પણ શુદ્ધ પ્રેમ એટલે તો એમાં કશું આપવાનું-લેવાનું જ ના હોય. પ્રેમ એટલે તમારા માટે એ જ પ્રેમ ! લાગણીઓ-બાગણીઓ નહીં. આ અમારો પ્રેમ બધા જોડે રહે છે જ ને ! તે જુઓને, તૂટે છે કોઈ દહાડો ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** તૂટતો નથી.

**પ્રશ્નકર્તા :** પણ ચારિત્રમાં વણાઈ જાય તો પ્રેમ થાયને, દાદા ? એટલે કેરેક્ટર થઈ જાય આપણું તો જ થાય એ શુદ્ધ પ્રેમ ?

**દાદાશ્રી :** હા, એટલે હવે તમને એ ગુણો ઉત્પન્ન થવા માંડ્યા છે અને પેલા ગુણો (કષાયો) એમને ઘેર જવા માંડ્યા છે. હવે એ તો પેલા આવનારા આવી રહે, પેલા જનારા જઈ રહે, ત્યારે બધું રાગે પડેને ! હવે જનારા જવા માંડ્યા ખરા અહીંથી. ટોળું નીકળવા માંડ્યું ખરું.

## શુદ્ધ પ્રેમ ત્યાં પ્રગટે પરમાત્મપણું

'શુદ્ધ પ્રેમ' એવી વસ્તુ છે કે કોઈની જોડે કિંચિત્‌માત્ર ઈફેક્ટિવ (અસરવાળો) ના હોય. લાગણી જડ છે, તેથી 'ઈફેક્ટિવ' થાય છે. 'શુદ્ધ પ્રેમ' ચેતન છે અને અનઈફેક્ટિવ છે. કોનાથી અંજાઈ જાવ તમે ?

**પ્રશ્નકર્તા :** કોઈ શુદ્ધ પ્રેમી હોય.

**દાદાશ્રી :** ના, પણ બીજે જગ્યાએ, આ ઘેરેય ગમે ત્યાં ગયા, ત્યાં ?

**પ્રશ્નકર્તા :** કોઈથી અંજાતા નથી ખાલી, આપના જેવાથી અંજાઈ જઈએ, દાદા.

**દાદાશ્રી :** અમારો શુદ્ધ પ્રેમ છે, માટે લોકોને અસર થાય, લોકોને ફાયદો થાય, નહીં તો ફાયદો જ ના થાયને ! એક ફેરો 'જ્ઞાની પુરુષ' કે ભગવાન હોય ત્યારે પ્રેમ દેખે. એ પ્રેમમાં ઘટવધ ના હોય, અનાસક્ત હોય, એ જ્ઞાનીઓનો પ્રેમ એ જ પરમાત્મા છે. સાચો પ્રેમ એ જ પરમાત્મા છે, બીજી કોઈ વસ્તુ પરમાત્મા છે નહીં. સાચો પ્રેમ, ત્યાં પરમાત્માપણું પ્રગટ થાય.

## સ્વાર્થ વગરનો જ્ઞાનીનો પ્રેમ

આ અમારો પ્રેમ સ્વાર્થ વગરનો, એટલે અમારો પ્રેમ વધઘટ ના થાય. પેલો ભાઈ દાદા ભગવાનનું (અવળું) બોલતો'તો, તોયે અમને વાંધો નહીં અને કોઈ દાદા ભગવાનને ફૂલાં ચઢાવે તોય અમને વાંધો નથી. કારણ કે અમારે સત્ય વસ્તુ સાથે કામ છે ને ? અમારે તો કામ સાથે કામ છે ને ? અમારે બીજી ક્યાં ભાંજગડ છે ? અમારે તો પ્રેમ છે તમારા બધા જોડે. આ બધા બેઠા છે (તેની જોડે) પ્રેમ છે. પેલો ભઈ અવળું બોલ્યો હોય તેનો વાંધો નથી અમને. અમે એની પાસે જાતે (અસીમ જય જયકાર) બોલાવડાવ્યું, ઊલટો સુખી થઈ ગયો ને આનંદ થઈ ગયો એને. અમને ગાળો-બાળો દેવી હોય તોય વાંધો નહીં. જેને કોઈને (ગાળો) દેવી હોય, જેને શોખ હોયને, તે ચોપડીયે દે, કહીએ. એનો શોખ તો પૂરો થાયને, ભલા આદમીનો !

અમારો એક ફોલોઅર (અનુયાયી) હતો, તે બ્રહ્મચારી હતો, જવાન છોકરો હતો. તે એક દહાડો મને કહે છે, 'મને દાદાજી ખરાબ વિચાર આવે છે.' મેં કહ્યું, 'શું ખરાબ વિચાર આવે છે ?' મેં કહ્યું, 'સ્ત્રી સંબંધી આવે છે ? બીજા આવે છે ?' ત્યારે કહે, 'ના, ના. બીજા બહુ ખરાબ વિચાર આવે છે.' મેં કહ્યું, 'પણ શું ખરાબ વિચાર આવે છે. મને કહે તો ખરો.' ત્યારે કહે, 'તમને ગોળીબાર કરવાનો વિચાર આવે છે.' મેં કહ્યું, 'અલ્યા, એનો વાંધો નથી અમને.' તને આ વિચાર આવે છે, પણ શું કારણથી આવું થયું છે એવું લાગે છે ? ત્યારે કહે, 'તમે વિધિ કરાવતા'તાને પેલાની, તે મેં ત્રણ વખત આમ પ્રયત્ન કર્યો પણ મારો મેળ જ ના પડ્યો. એટલે મને એમ થયું કે આ

દાદાને ગોળીબાર કરવા જોઈએ.' મેં કહ્યું, 'બરોબર છે, એમાં દાદાની ભૂલ છે, બરોબર છે.' હવે એટલો ફ્રેંક (નિખાલસ) બોલ્યો એ છોકરો. એટલે મેં એને ઊલટો બહુ પ્રેમ દાખવ્યો કે ઓહોહો ! આવું ફ્રેંક આ કાળમાં બોલે છે ! ફ્રેંક બોલતા ગભરામણ થઈ જાય. મારી જોડે આવું બોલતા ગભરામણ થઈ જાય ! એ ફ્રેંક બોલ્યો. અને પોતે બહુ પસ્તાતો'તો. 'આવા વિચાર કેમ આવે છે, દાદાજી ? મને તો મરવાનું મન થાય છે આથી.' હવે ત્યાં આગળ અમે શું કરીએ ? એની પર પ્રેમ દાખવીએ બિચારાને. એનું મગજ ફર્યું ને આવા વિચાર આવ્યા, એમાં એ કરેય શું બિચારો ? એને પોતાનેય ગમતા નથી.

એ કહે, ત્યાર પછી મને એના એ જ વિચારો આવ્યા કરે. મેં કહ્યું, તારી વાત સાચી છે, મારી ભૂલ છે. તે માથે જરા (હાથ મૂકીને) આશીર્વાદ આપ્યા, તે પછી બંધ થઈ ગયા. હવે બીજી જગ્યાએ શું કરે, કહે તો ? જ્યારે અહીં તો પ્રેમ દેખે, શુદ્ધ પ્રેમ ! અને આંખે દેખતા જોવા હોય તો શુદ્ધ પ્રેમ એ જ પરમાત્મા છે.

સામાનો ગોદો આપણને વાગી જાય તેનો વાંધો નથી, પણ આપણો ગોદો સામાને ના વાગે એ આપણે જોવાનું. ત્યારે જ સામાનો પ્રેમ સંપાદન થાય !

## શબ્દો નહીં પણ પ્રેમ કામ કરે છે

**પ્રશ્નકર્તા :** આ જે અમેરિકામાં પેલા બધા યંગસ્ટર્સ, ટીનેજર્સની જોડે આપે સત્સંગ કર્યો અને એ લોકોને અંદર હૃદય પરિવર્તન થઈ ગયા અને બધું મીટ (માંસાહાર) છોડી દીધું, ડેટિંગ અને આ બધું બંધ કરી દીધું અને દાદામાં જ રહેતા'તા થઈ ગયા. તો કહે, એ બધું શું ? દાદાએ એ લોકોની જોડે સત્સંગ કર્યો ? શું શું વાતચીતો કરી, શું સમજાવ્યું ?

**દાદાશ્રી :** શબ્દો કામ નથી કરતા, મારો પ્રેમ કામ કરે છે. નાની નાની છોકરીઓ પગ દબાવતી હતી, દસ, બાર, ચૌદ, પંદર વર્ષની, અઢાર વર્ષની. એટલે પછી મેં કહ્યું, 'એય, શું વાગ્યું ?' એ લોકોએ નખ લાંબા કરી રાખેલા. મેં કહ્યું, 'શું વાગ્યું?' એટલે ભડકી ગઈ બિચારી કે દાદાને કંઈ વાગી ગયું, કહે છે. મેં કહ્યું, 'આ શું કર્યું છે તેં ? નખ શું કરવા લાંબા કર્યા ? મને વાગે આ તો.' ત્યારે કહે છે, 'મને શોખ છે આ તો.' ત્યારે મેં કહ્યું, 'કેટલા વખત રહેવા દઈશ હવે ? વર્ષ દહાડો રહેવા દે, પછી કાઢી નાખજે.' ત્યારે કહે, 'ના, કાલે જ કાઢી નાખીશ.' એટલે તરત કાઢી નાખ્યા.

હવે આપણે એને કહીએ, 'નખ કપાવી નાખ હં, હું ખાવાનું નહીં સાંજે આપું.' ત્યારે એને કંઈ ના આવડે કે, તને આવડ્યું ત્યારે ? તને ચેલેન્જ મારતા આવડી તો એને ચેલેન્જ મારતા ના આવડે કે જા, નથી કપાવતી, તારે થાય એ કરજે, કહેશે. એ પ્રેમથી કામ લેવું જોઈએ. પ્રેમથી વશ થાય. છોકરાય વશ થાય ને ધણીય વશ થાય ને જાનવરેય વશ થાય ને વાઘેય વશ થાય.

## વઢવાથી નહીં પણ પ્રેમથી જીતાય

એક છોકરો મારી પાસે અડધો જ કલાક વાતચીત કરી હશે. તે પુસ્તક માગી ગયો. કહે છે, તમારો ફોટો આપો. કેટલા વર્ષનો છોકરો હતો ?

**પ્રશ્નકર્તા :** તેર વર્ષનો.

**દાદાશ્રી :** ફોટો માગી ગયો, પુસ્તક આપો. પુસ્તક આપ્યું. તે પુસ્તક એણે વાંચ્યું ખરું પાછું. આજે આવતી વખતેય મને જો જો કરતો હતો, ફોટો લે લે કરતો હતો. એ બંધાઈ ગયો, મારી જોડે. એટલે બહાર પ્રેમ ખોળે નહીં, મારા ફોટામાંથી પ્રેમ આવશે એને. પ્રેમથી જ જગત જીવી રહ્યું છે અને આપણા લોક મારે ખરા છોકરાને ? બિવડાય બિવડાય કરે, અક્કલ વગરનો છું અને આ મોટા અક્કલવાળા ! 'જોબ' તો મળતી ના હોય અને અક્કલવાળા આવ્યા ! એમને એમના સાસુ લઢતા હોય. એ તો કોણ કહી શકે ? મારા જેવો કોઈ લઢનાર ના હોય, તે હું કહી શકું.

બાકી તમને લઢનાર હોય પાછળ, તો તમે શી રીતે કહી શકો ? તમને વાત સમજાય છે ? આ કામ લાગશે ?

અને છોકરાને તો મારશો જ નહીં. કોઈ ભૂલચૂક થાયને, તો ધીમે રહીને માથે હાથ ફેરવી અને સમજણ પાડવાની જરૂર. પ્રેમ આપે ત્યારે છોકરું ડાહ્યું થાય.

અત્યારે હું મોટી ઉંમરનાને મારુંને, તોય એને રીસ નહીં ચઢતી, એનું શું કારણ ? પ્રેમથી મારું છું. આ છોકરાને હું માર માર કરું છું ને, તોય ખુશ થાય છે અને તું માર જોઈએ ? કારણ કે તારામાં અહંકાર છે, એટલે એનો અહંકાર જાગૃત થાય. મારામાં પ્રેમ છે, એટલે એને પ્રેમ જાગૃત થાય. એ તો હું ગમે એટલું મારું તોય મને કશું ના હોય, મારી ઉપર ખુશ થઈ જાય. કારણ કે હું પ્રેમથી જોઉં છું અને તારામાં તો અહંકાર ભરેલો છે. એટલે પછી તે છોકરામાં અહંકાર જાગે. એટલે બેનો અહંકાર લડે પછી, 'આવી જા' કહેશે.

## એ તો પ્રેમ દીઠો જગતે

અમેરિકામાં ત્યારે ન્યુયોર્કના સ્ટેશન પર એંસી માણસ રડતું'તું. ત્યારે ન્યુયોર્કના બધા લોકો જોઈ રહ્યા કે આ રડે છે શું જોઈને, આ મોટી ઉંમરના માણસ ! એ તો પ્રેમ દીઠો જગતે. જગતે પ્રેમ કોઈ દા'ડો જોયો જ નથી. જે જોયું છે એ આસક્તિ જોઈ છે. આસક્તિ એટલે ઘડી પછી ઉતરી જાય, ટાઢીટપ થઈ જાય. મૂવા, હમણે ઊભરાતું'તું ને કેમ બંધ થઈ ગયું ? તે કહે, ટાઢું પાણી રેડ્યું. દૂધ ઊભરાતું હોય ને પછી ટાઢું પાણી રેડે શું થાય ? એ બધી આસક્તિ કહેવાય. ચડે-ઉતરે, ચડે-ઉતરે. રાત્રે સિનેમા જોઈને આવે ને મારી ને તારી, મારી ને તારી, તું ને હું એક જ, ને આમતેમ કરતા હોય ને સવારમાં ઊઠે ને વઢતા હોય. પ્રેમ હોય ત્યાં વઢવાડ ના હોય, કશું બીજું ના હોય. અમે તો આ પ્રેમથી જોઈએ છીએ બધાને. અમારે કંઈ બીજો માલ કામનો નથી. અમે જગત આખું નિર્દોષ જોઈને ફરીએ છીએ.

## અંતવાળી છે દરેક વસ્તુ માટે ધીરજ ધરો

અમારે ત્યાં એક પાર્ટનરના ભઈ હતા. એ રાતે બે વાગે આવે. શું શું કરીને આવતા હશે એ બધું વર્ણન કરવા જેવું નથી. એ તમે સમજી જાવને ! એટલે પછી બધાએ ઘરમાં નિશ્ચય કર્યો કે ભઈ, આ માટે શું કરીશું ? આમને શું વઢવું કે પેસવા ના દેવા કે આનો શો ઉપાય કરવો, કહે છે. હવે મોટો પ્રશ્ન ઊભો થયોને ? હા, તેમાં અનુભવ કરી આવેલા. એક મોટા ભાઈ કહેવા ગયા, તે મોટા ભાઈને કહે છે કે માર્યા વગર છોડીશ નહીં. પછી મને કહેવા માંડ્યા, આ તો આવું બોલે છે. પછી મેં એમને કહ્યું કે કશું જ બોલવાનું નહીં. એ જ્યારે આવે ત્યારે આવો, જ્યારે જાય ત્યારે જાવ. આપણે રાઈટેય નહીં બોલવાનું ને રોંગેય નહીં બોલવાનું, રાગેય નહીં રાખવાનો, દ્વેષેય નહીં રાખવાનો. સમતા, કરુણા રાખવી. તે ત્રણ-ચાર વર્ષ પછી ફર્સ્ટ ક્લાસ થઈ ગયો. અત્યારે સરસ થઈ ગયો. પણ ચાર વર્ષ સહન કર્યું આ બધું. કારણ કે એન્ડવાળું (અંતવાળું) છે. દરેક વસ્તુ એન્ડવાળી હોય છે. તમારી ધીરજ જોઈએ. અને વખતે એન્ડ નહીં હોય, લાંબા કાળનું હશે તોય તમે એમાં હેલ્પ નથી કરતા, એનું વધારે નુકસાન કરો છો. તમારી જાતને નુકસાન કરો છો ને સામાને નુકસાન કરો છો. એ કોણ સુધારી શકે ? સુધરેલો હોય તો સુધારી શકે. કોણ સુધારી શકે શેઠ ? આપણે સુધરેલા હોય તો છોકરાંને સુધારીએ, પણ આપણામાં જ ઠેકાણું ના હોય ત્યાં ? તમને કેમ લાગે છે ?

**પ્રશ્નકર્તા :** સુધરેલો કોને કહેવાય ? એની વ્યાખ્યા શું ?

**દાદાશ્રી :** પેલા માણસને તમે વઢોને તોય એને પ્રેમ દેખાય એમાં. તમે એને ઠપકો આપો તોય એને પ્રેમ જ દેખાય, કે ઓ.. હો.. હો.. મારા ફાધરનો કેટલો બધો પ્રેમ છે મારી ઉપર !

જ્યાં પ્રેમ છે ત્યાં દોષ નથી. વેપારી પ્રેમ આવ્યો ત્યાં બધા દોષ દેખાય.

આખું જગત ફરજિયાતથી કરે છે, તેમાં એને વઢીએ કે આમ કેમ કરે છે, તે અણસમજણ જ છે. પેલાને વઢે તો તે વધારે કરશે, એને પ્રેમથી સમજાવો. પ્રેમથી બધા રોગ મટી જાય. 'શુદ્ધ પ્રેમ' એ 'જ્ઞાની પુરુષ' પાસેથી કે એમના 'ફોલોઅર્સ' પાસેથી મળે !

## કડકાઈમાં પણ દીસે જ્ઞાનીનો પ્રેમ

અમે વઢીએ તોય રાગ-દ્વેષ ના થાય, એ ચોક્કસ ! ભગવાને રાગ-દ્વેષનો વાંધો ઊઠાવ્યો છે અને સામાને દુઃખ થાય એ ના ચાલે. કંઈ દુઃખ થાય એવું તમને કશું લાગ્યું છે અમારા શબ્દોથી ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** આ બધું હું બોલું છું ને, તે એની માટે એક બેન શું કહે છે ? 'દાદા બોલે છે કડક, પણ એની પાછળ ઝનૂન નથી.' તમને સમજાયું એ, કે ઝનૂન નથી એવું ?

**પ્રશ્નકર્તા :** પ્રેમ છે.

**દાદાશ્રી :** હા, પ્રેમ છે. ઝનૂન હોય ત્યાં સાંભળવાની જરૂર નહીં. ઝનૂન તો ઉઘાડો અહંકાર છે. હિંસકતામાં ઝનૂન હોય અને અહિંસકતામાં ઝનૂન ના હોય. અમારી વાણી ગમે એટલી કડક હોય, પણ મન નહીં તોડે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા, જ્યારે જ્યારે આપે મને ફાયરીંગ કર્યું છે (વઢ્યા છો) ત્યારે પ્રેમ ઊલટો વધ્યો છે. આજથી પાંચ વર્ષ ઉપર બીજે દિવસે આપે મને પૂછ્યું કે 'એની ઈફેક્ટ તો નથી થઈને ?' ત્યારે મેં કહેલું કે 'નહીં, એવી ઈફેક્ટ નથી થઈ.'

**દાદાશ્રી :** ના થાય. ઈફેક્ટ ના થાય એટલે હું કહુંને ! આ હું કડક કોને કહું ? ઈફેક્ટ ના થાય તેને. નહીં તો બેસી જાય, બગડી જાય ઊલટું ! કડક કહેતા ફાટી જાય ત્યારે મુશ્કેલી થાયને ! એ દૂધની પછી ચા ના થાય.

આપણે આ દાદાને અપમાન કરીને પછી એમનો પ્રેમ જુઓ, કેવો દેખાય છે તે ! પ્રેમ ઘટી નથી ગયો, માટે આપણે જાણવું કે આ પરમાત્મા જ છે. દાદા પરમાત્મા નથી, એ પ્રેમ જ પરમાત્મા છે. એ દુનિયામાં બીજે ક્યાંય જોવામાં ના આવે, બીજું બધું જોવામાં આવે.

## બાળક સમ બની વરસાવે પ્રેમ

તને વઢે તો આનંદ થાય કે કોઈ ના વઢે તો આનંદ થાય ?

**પ્રશ્નકર્તા :** ખૂબ વઢે તો આનંદ ન થાય.

**દાદાશ્રી :** તું આય બેટા, તું બહુ સારો છું. બહુ ડાહ્યો છું (એવું કહે), તો આનંદ થાય ?

**પ્રશ્નકર્તા :** કોઈક વાર થાય.

**દાદાશ્રી :** દર ફેરે ના થાય ?

**પ્રશ્નકર્તા :** જેન્યુન્લી (સાચી રીતે) કોઈ ના કહેતો હોય તો ના થાય. એટલે ખુશામતથી જે કહેતો હોય માણસ તો એનો આનંદ ન થાય, પણ સાચે સાચ કહે તો ગમે.

**દાદાશ્રી :** એટલે ખાલી છેતરાવા માટે કરતો હોય તો ના ગમે તને ?

**પ્રશ્નકર્તા :** ના.

**દાદાશ્રી :** નહીં તોય ગમે. હંમેશાં આ મનુષ્યનો સ્વભાવ એવો છે ને, છોકરાંને માન આપી બોલાવે કે 'આવો ભઈ, તું તો બહુ ડાહ્યો છું.' પછી એના ઘરની વાત પૂછે. ઘેર કંઈ મા-બાપ જોડે કચકચ થતી હોય, તો પેલા કહે, 'ભઈ, કેમ તારા ફાધર તો તને કોઈ દહાડો કશું કહે એવા નથી !' 'ના, એ તો ગુસ્સે થઈ જાય છે.' એટલે ફૂટી જાય બધું. પાડોશીને ત્યાં ઘણા છોકરાઓ ફૂટી જાય છે અને પાડોશીઓ ઊલટો લાભ ઊઠાવે છે. એટલે આ ગમે છે. એટલે 'આવો ભઈ, લે ચા પી.' એને માન જોઈએ છે, માનનો સ્વાદ પડે છે ને !

એટલે એ છોકરાઓને માટે મા-બાપે શું કરવું જોઈએ ? કે બહાર માન ખોળે નહીં એવી રીતે રાખવા જોઈએ. એ માનના ભૂખ્યા ના હોય ને, (તો) બહાર પેલું માન ખાવા જાય નહીં, માનની હોટલોમાં. એટલા માટે શું કરવાનું ? ઘેર આવે તો આમ બોલાવાનો, 'બાબા, તું તો ડાહ્યો છું, આમ છું, તેમ છું.' એને થોડું માન આપવું. એટલે ફ્રેંડશીપ (મિત્રતા) જેવું વલણ રાખવું જોઈએ. એને માથે હાથ ફેરવીને બેસવું આપણે. 'બેટા, લે હેંડ જમવા બેસીએ, આપણે નાસ્તો કરીએ સાથે.' એવું તેવું બધું હોવું જોઈએ, તો પછી બહાર પ્રેમ ખોળે નહીં. અમે તો પાંચ વર્ષનું છોકરું હોય તો એની જોડે પ્રેમ કરીએ, એની જોડે ફ્રેંડશીપ જેવું રાખીએ.

**પ્રશ્નકર્તા :** એ જોયું છે. ઔરંગાબાદમાં બધા છોકરાઓને ભેગા કરીને તમે વાતો કરતા, એમના જ દૃષ્ટિબિંદુથી 'દાદા' પણ પાંચ વર્ષના બની જાય.

**દાદાશ્રી :** આ બેબી જોડે પણ ફ્રેંડશીપ જેવું વાતાવરણ. હા, અને એ પાછા પોતે ભાવથી કહી દે બધી હકીકત, બધું કહી દે. કારણ કે એ તમારામાં તો શું હોય, 'હું મોટી ઉંમરનો છું', 'એ પેલો નાની ઉંમરનો છે' એટલે ભેદ પડી જાય. તે તમારા બારણા બધા બંધ હોય, અહીં ખુલ્લા બારણા. દોઢ વર્ષનો છોકરો અમારી જોડે રમે હઉ. 'દાદાજી' જોડે અહીં જે' જે' કરે, બધું કરે.

**પ્રશ્નકર્તા :** વિધિ કરે !

**દાદાશ્રી :** હા, વિધિ-બિધિ બધા દોઢ વર્ષના છોકરાં કરે, બહુ છોકરાં કરે.

## અપેક્ષા વિનાનો પ્રેમ સુધારે સર્વેને

આ બધું સુધારવાનું હોયને, તો પ્રેમથી સુધરે. આ બધાને હું સુધારું છું ને, એ પ્રેમથી સુધારું છું. આ અમે પ્રેમથી જ કહીએ એટલે વસ્તુ બગડે નહીં અને સહેજ દ્વેષથી કહીએ કે એ વસ્તુ બગડી જાય. દૂધમાં દહીં પડ્યું ના હોય અને અમથી જરા હવા લાગી ગઈ તોય એ દૂધનું દહીં થઈ જાય.

એટલે પ્રેમથી બધું બોલાય. જે પ્રેમવાળા માણસ છે ને, તે બધું બોલી શકે. એટલે અમે શું કહેવા માગીએ છીએ ? પ્રેમસ્વરૂપ થાવ તો આ જગત તમારું જ છે. જ્યાં વેર હોય ત્યાં વેરમાંથી ધીમે ધીમે પ્રેમસ્વરૂપ કરી નાખો. વેરથી આ જગત આવું બધું 'રફ' (અવ્યવસ્થિત) દેખાય છે. જુઓને, પ્રેમસ્વરૂપ ! આ બધા કોઈને જરાય ખોટું લાગતું નથી ને કેવો આનંદ બધા કરે છે !

બાકી, આ કાળમાં જેને સાચો પ્રેમ કહેવામાં આવે છે ને, એ જોવા નહીં મળે. અરે, એક માણસ મને કહે છે, 'આટલો બધો મારો પ્રેમ છે તોય તે તરછોડ મારે છે !' મેં કહ્યું, 'નહોય એ પ્રેમ. પ્રેમને તરછોડ કોઈ મારે જ નહીં.'

**પ્રશ્નકર્તા :** આપ જે પ્રેમની વાત કરો છો, એમાં પ્રેમની અપેક્ષાઓ હોય ખરી ?

**દાદાશ્રી :** અપેક્ષા ? પ્રેમમાં અપેક્ષા ના હોય. દારૂ પીતો હોય તેની પરેય પ્રેમ હોય અને દારૂ ના પીતો હોય તેની પરેય પ્રેમ હોય. પ્રેમમાં અપેક્ષા ના હોય. પ્રેમ સાપેક્ષ ના હોય.

મારામાં પ્રેમ હશે કે નહીં હોય ? કે તમે એકલા જ પ્રેમવાળા છો ? આ તમે તમારો પ્રેમ સંકુચિત કરેલો છે કે 'આ વાઈફ ને આ છોકરાં.' જ્યારે મારો પ્રેમ વિસ્તારપૂર્વક છે.

**પ્રશ્નકર્તા :** પ્રેમ એટલો સંકુચિત હોઈ શકે કે એક જ પાત્ર પ્રત્યે સીમિત જ રહે ?

**દાદાશ્રી :** ના, પ્રેમ એટલે સંકુચિત હોય જ નહીં, એનું નામ પ્રેમ. સંકુચિત થાય તો તો આસક્તિ થઈ જાય. સંકુચિત હોયને કે આટલા 'એરિયા' (હદ) પૂરતું જ, તો તો આસક્તિ કહેવાય. તે સંકુચિત કેવું ? ચાર ભાઈઓ હોય અને ચારેયને ત્રણ-ત્રણ છોકરાં

હોય અને ભેગા રહેતા હોય, તો ત્યાં સુધી બધા ઘરમાં 'અમારું' બોલે. 'અમારા પ્યાલા ફૂટ્યા', બધા એવું બોલે. પણ ચાર જ્યારે જુદા થાય તેના બીજે દહાડે, આજ બુધવારને દહાડે છૂટા થયા તો ગુરુવારને દહાડે એ જુદું જ બોલે એ, 'આ તમારું ને આ અમારું.' આ સંકુચિતતા આવી જાય. એટલે આખા ઘરમાં જે વિશાળ હતો પ્રેમ, તે હવે આ જુદું થયું એટલે સંકુચિત થઈ ગયું. પછી આખી પોળ તરીકે, યુવક મંડળ તરીકે કરવો હોય તો પાછો એનો પ્રેમ ભેગો હોય. બાકી પ્રેમ ત્યાં સંકુચિતતા ના હોય, વિશાળતા હોય.

## મતભેદ નહીં ત્યાં પ્રેમ સંપાદન

અમારું આવું (વિશાળતા) જોઈને અમારા ભાગીદારનું મન પણ મોટું થઈ જાય. સંકુચિત મન મોટાં થઈ જાય. ભાગીદારેય રાત-દહાડો જોડે રહ્યા તોય છેવટે એમ જ કહેતા હતા કે 'દાદા ભગવાન આવો. તમે તો ભગવાન જ છો.' જો ભાગીદારને મારી ઉપર પ્રેમ ઉત્પન્ન થયોને ! જોડે રહ્યા, મતભેદ ના પડ્યો ને પ્રેમ ઉત્પન્ન થયો ! ત્યારે કેટલું બધું કામ કાઢી જાય એ !

દૃષ્ટિ આગળની બંધ થઈ જાય એટલે પછી મતભેદ થાય અને મતભેદ થાય એને સંસ્કાર જ ના કહેવાયને ! સંસ્કારીને ત્યાં મતભેદ ના હોય. મારે જ્ઞાન નહોતું થયું તે વખતે બે-ચાર જણની જોડે મતભેદ પડ્યો હશે, પણ 'આ' જ્ઞાન થયા પછી તો કોઈની જોડે મતભેદ જ નથી પડ્યો. મતભેદ શેને માટે ? આ તો પોતાને આગળ ના દેખાય એટલે મતભેદ ઊભો થાય, મતભેદ શેનાથી થાય છે ? એ દૃષ્ટિ આગળની બંધ થઈ જાય એટલે. મતભેદ એટલે અથડામણ છે એક જાતની, એવું આપને સમજાયું ?

મારે પોતાને માટે મેં કશું નથી કર્યું. એ ધંધો તો એની મેળે ચાલતો'તો. અમારા ભાગીદાર એટલું કહેતા હતા કે 'તમે જે આ કરો છો એ કરો આત્માનું.' અને બે-ત્રણ મહિને તમે એક ફેરો કામ દેખાડી જજો કે આમ છે. બસ, એટલું જ કામ લેતા હતા મારી પાસે.

મારે તો કોઈની જોડે મતભેદ પડ્યો જ નથી અત્યાર સુધી, તો પછી મનભેદ તો હોય જ નહીંને ! મતભેદ ના હોય તો મનભેદ હોય જ નહીં. અમે તો પ્રેમસ્વરૂપ ! બધું મારું પોતાનું જ છે. એ પ્રેમથી જ બધું આ છે.

મમતા ના હોય ત્યારે જ 'પ્રેમસ્વરૂપ' થઈ શકે.

## આવો નિષ્પક્ષપાતી પ્રેમભાવ ના જોયો ક્યાંય

એક ભાઈ 'આપ્તવાણી'ને 'આફતવાણી' કહેતો હતો. તમે આફતવાણી શું કરવા લખાવડાવી છે, કહે છે. હવે આપણે હથિયાર મૂકેલા, એ હથિયાર ઉગામે તે આપણાથી નીચેથી લેવાય જ શી રીતે ? આપણે લઈએ તો આપણું જાય, એનું શું જવાનું ? એ તો ખોવડાવવા આવ્યો છે. આફતવાણી કહેતો'તોને ? પણ એણે વખાણ્યું શું, શું વખાણ્યું ?

**પ્રશ્નકર્તા :** આ નિષ્પક્ષપાત આપણો વખાણ્યો.

**દાદાશ્રી :** હા, આવું વર્લ્ડમાં જોયું નથી. બધે ફર્યો પણ આવું જોયું નથી, કહે છે. પછી એનું મનનું થોડું સમાધાન કરી આપ્યું, હંકે ! કોણ દાદા ભગવાન ને કેવી રીતે એને એ બધું સમજાવ્યું. પછી એના મનમાં કંઈ થોડું સમાધાન થયા પછી એણે ઊઠવાની તૈયારી કરીને, તે મેં કહ્યું, 'જરા દૂધ-બૂધ પીને જા.' 'હું કશું પીતો નથી.' કહે છે. મેં કહ્યું, 'અમે તને કહીએ છીએ, થોડું પીને અમથો.' તે ફરીથી કહ્યું, 'હું કશું પીતો નથી.' એટલે આ બધાને મેં કહ્યું, 'બાંધો આને.' 'આને બાંધીને પાવો આપણે.' એક બાજુ દૂધ મંગાવ્યું અને પછી એને એક પ્યાલો પાયું અને ખુશ થઈને પછી ગયો. નહીં તો ઘેર જઈને વેર બાંધે કે હવે ફરીવાર આવીશું ત્યારે બોમ્બ નાખી આવું ત્યાં આગળ જઈને ! આવડો બોમ્બ મૂકીને જતો રહે, આપણી શી દશા થાય ? એના ગયા પછી

અડધા કલાકે ફૂટે અહીં આગળ. આ દુનિયામાં તો કોઈને સળી કરવા જેવું છે નહીં, કોઈનું નામ દેવા જેવું નથી. નામ દીધું હોય તેને અટાવી-પટાવીને કહીએ કે 'ભાઈ, અમારી કંઈ ભૂલ થઈ હોય તો કહી દે, બા.' નહીં તો એને શું ? જે નાહ્યો જ નથી તેને શું ? નાહ્યલાને ભાંજગડ છે ને ? નાહ્યો નહીં તેને શું બગડવાનું ?

એવી આ દુનિયા છે ! માટે સાચવીને કામ લેવું. અહીં ધીમે રહીને બોમ્બ મૂકીને જતો રહે મૂઓ ! એટલે આપણે બધા 'શું થયું ને શું ?' 'અરે, શું થવાનું ?' 'પેલો મૂકીને ગયો.' 'તમે ફોડ્યો હતો એટલે.' જો એને સહેજે મન દુઃખાડો, થઈ રહ્યું ! એના કરતા આપણું દુઃખાડીને જાય, આપણે ત્યાં તો હિસાબ જ નથી એનો. આપણને ઊંઘ આવે છે, પણ એને ઊંઘ આવે એવું કરો. તે જીતાડીને મોકલો છેવટે !

પણ એણે છેવટે એટલું તો કબૂલ કર્યું કે 'બધે ફર્યો છું દાદા, પણ આવી નિષ્પક્ષપાતતા જોઈ નથી મેં. અને આવો પ્રેમભાવ જોયો નથી', કહે છે.

### જ્ઞાનીનો પ્રેમ બધા પર સરખો

આ પ્રેમ તો ઈશ્વરીય પ્રેમ છે. એવું બધે હોય નહીં ને ! આ તો કોઈક જગ્યાએ આવું હોય તો બને, નહીં તો બને નહીં ને !

હમણે શરીરે જાડો દેખાય તેની ઉપરેય પ્રેમ, ગોરો દેખાય તેની પરેય પ્રેમ, કાળો દેખાય તેની ઉપરેય પ્રેમ, લૂલો-લંગડો દેખાય તેની પરેય પ્રેમ, સારા અંગવાળો માણસ દેખાય તેની પરેય પ્રેમ. બધે સરખો પ્રેમ દેખાય. કારણ કે એના આત્માને જ જુએ, બીજી વસ્તુ જુએ નહીં. જેમ આ સંસારમાં લોકો માણસના કપડાં જોતા નથી, એના ગુણ કેવા છે એવું જુએ, એવી રીતે 'જ્ઞાની પુરુષ' આ પુદ્‌ગલને ના જુએ. પુદ્‌ગલ તો કોઈનું વધારે હોય, કોઈનું ઓછું હોય, કંઈ ઠેકાણું જ નહીંને !

અને આવો પ્રેમ હોય ત્યાં બાળકો પણ બેસી રહે, અભણ બેસી રહે, ભણેલા બેસી રહે, બુદ્ધિશાળીઓ બેસી રહે. બધા લોકો સમાય. બાળકો તો ઊઠે નહીં, કારણ કે વાતાવરણ એટલું બધું સુંદર હોય !

### લઘુતમભાવે પ્રેમાવતાર

**પ્રશ્નકર્તા :** ઘણીવાર એવું થાય છે કે ઊંઘ્યા હોઈએને, પછી પાછું જાગૃત હોઈએ, અર્ધ જાગ્રત અવસ્થા હોય, અને દાદા મહીં પેસી જાય છે, દાદાનું ચાલુ થઈ જાય છે. એ શું છે ?

**દાદાશ્રી :** ચાલુ થઈ જાય. એવું છે ને, કે દાદા સૂક્ષ્મભાવે, આખી વર્લ્ડ (દુનિયા)માં ફર્યા કરે છે. હું અહીં હોઉં, સ્થૂળભાવે. સૂક્ષ્મભાવે બધે આખી વર્લ્ડમાં ફર્યા કરે છે, બધેય ધ્યાન રાખે છે.

**પ્રશ્નકર્તા :** ચોવીસેય કલાક હોય દાદા.

**દાદાશ્રી :** ચોવીસેય કલાક. એટલે ઘણા લોકોને ખ્વાબમાં (સપનામાં) એ બધું આવ્યા જ કરે એની મેળે, આખો દહાડોય. કેટલાકને તો દિવસે (દાદા) વાતોચીતો કરે છે. પેલો કહેય ખરો, કે મને આવી રીતે વાતચીત કરી ગયા દહાડે, ઊઘાડી આંખે. એ પેલો કહેને, દાદા કહે ને એ સાંભળે, ને એ લખી લે પાછો. એ લખી લે, આઠ વાગે આટલું આટલું બોલ્યા છે તે બધું. આમાં થયા જ કરે એ બધું. તે છતાંએ આમાં ચમત્કાર જેવી વસ્તુ નથી.

**પ્રશ્નકર્તા :** એને છે તો એ સંબંધી આત્મલક્ષી છાપ પડેલી કહેવાય ?

**દાદાશ્રી :** ના, એવું કશું નહીં. આ ચમત્કાર નથી, આ સ્વભાવિક છે. કોઈ પણ માણસની આવરણ રહિત સ્થિતિ થાય, અને થોડું કંઈક કેવળજ્ઞાનને અંતરાય કરે એટલું આવરણ રહ્યું હોય અને જગતમાં જોટો ના જડે એવો પ્રેમ ઉત્પન્ન થયેલો હોય, પ્રેમ અવતાર થયેલો હોય, પ્રેમાવતાર.

તે આ (દાદા એ) પ્રેમાવતાર છે. એટલે જ્યાં

કંઈક સહેજ મન ગૂંચાયું, કે ત્યાં આવીને હાજર. અને લઘુતમ ભાવે છે. એ તો એ લઘુતમ ભાવ એટલા જ માટે કે કોઈનું પ્રમાણ, કોઈના ધર્મના પ્રમાણને મૂંઝવે નહીં. એ કંઈ પણ એને હરકત ના કરે. એ પૂછે તો હેલ્પ કરે ઊલટું, તોડી ના પાડે એને.

**પ્રશ્નકર્તા :** ખંડનની વાત જ નહીં.

**દાદાશ્રી :** ખંડનની વાત તો હોય જ નહીં. પણ એને સહેજ દુ:ખ થાય એવો ભાવ પણ નહીં. કારણ કે નિષ્પક્ષપાત છે.

## પ્રેમસ્વરૂપ કરાવે જગ વિસ્મૃતિ

હીરાબા તોંતેર વર્ષના તોય મને કહે છે, 'તમે વહેલા આવજો.' મેં કહ્યું, 'મનેય તમારા વગર ગમતું નથી !' પણ અમારું બધું ડ્રામા (નાટક) જ હોય. એ ડ્રામા કરીએ તો એમને કેટલો આનંદ થઈ જાય ! 'વહેલા આવજો, વહેલા આવજો' કહે છે. તે એમને ભાવ છે એટલે એ કહે છે ને ? એટલે અમેય આવું બોલીએ. બોલવાનું હિતકારી હોવું જોઈએ. બોલ બોલેલો જો સામાને હિતકારી ના થઈ પડ્યો તો આપણે બોલ બોલેલો કામનો જ શું તે ?

પ્રેમ તો બૈરી-છોકરાં પર જ રહે છે ને, અત્યારે તો ? ત્યાંથી પ્રેમ ક્યારે કાઢી મેલશો ? મેં તો કેટલાય વર્ષથી કાઢી લીધો.

**પ્રશ્નકર્તા :** મારા પત્ની પણ અહીં આવ્યા છે.

**દાદાશ્રી :** ગભરાશો નહીં, એવું પ્રેમ કાઢી લેવાનું નથી કહેતો. તમારા મનમાં એમ થાય કે આ પ્રેમ કાઢી લે તો ? ના, હું સંસાર ભાંગવા નથી આવ્યો. સંસાર આદર્શ હોવો જોઈએ. મારું જીવન પણ આદર્શ છે ને ! હજુ મારે હીરાબા છે ઘેર, વાઈફ છે તોતેર વર્ષના. પણ અમારું જીવન આદર્શ. તમારે તો કોઈક દહાડોય ડખો થઈ જતો હશેને ? મતભેદ થઈ જાયને ?

હું પ્રેમસ્વરૂપ થઈ ગયેલો છું. એ પ્રેમમાં જ તમે મસ્ત થઈ જશો તો જગત ભૂલી જ જશો, જગત બધું ભૂલાતું જશે. પ્રેમમાં મસ્ત થાય એટલે સંસાર તમારો બહુ સરસ ચાલશે પછી, આદર્શ ચાલશે.

## કાયમી લાગણી કેળવે અભેદતા

અમારી લાગણીઓ કેવી હોય ? એકદમ ઊભી થઈને આથમી જાય એવી ના હોય. અમારી પરમેનન્ટ લાગણીઓ હોય. (અને બીજાને તો) ઊભી થાય ને એકદમ આથમી જાય. આપણા લોકો નથી કહેતા કે મારો છોકરો ફર્સ્ટ ક્લાસ છોકરો છે. આ બધી વાતો કરે મોટી મોટી અને કલાક પછી એ છોકરાના હાથે વીસ કપ-રકાબી પડી જાય, એના હાથે તૂટી જાય ત્યારે એના ફાધર કહેશે કે યુઝલેસ ફેલો (નકામો માણસ). એમ એનો એ જ અભિપ્રાય આપનારો માણસ, સો-સો વખત અભિપ્રાય ફેરવે છે. ત્યારે છોકરો શું કહે, કે પપ્પાજી, હવે મારે તમારું સર્ટિફિકેટ જોઈતું નથી. મારું કૉલેજે સર્ટિફિકેટ આપ્યું છે, એ કાયમનું છે. કૉલેજે આપેલું કાયમનું હોયને ? અને આ મા-બાપનું તો સર્ટિફિકેટ ઘડીકમાં આમ ફરે, ઘડીકમાં તેમ...!

એટલે આ લાગણીઓ છે, ખોટી લાગણીઓ, યુઝલેસ (વ્યર્થ) લાગણીઓ. અને સર્ટિફિકેટ ન આપીએ અમે. હીરાબા માટે કાયમની લાગણીવાળા. કોઈ કહેશે કે તમે જ્ઞાની છો છતાંય સ્ત્રી (પત્ની) સાથે લાગણી રાખો છો ? પણ કાયમની પરમેનન્ટ લાગણી. ઘડીકમાં આમ વધી ગઈ ને ઘટી ગઈ, ઘટી ગઈ ને વધી ગઈ એ ના હોય. અમારે ગુરુ-લઘુ ના થાય. એ અવળું કરે તોય લાગણી તેની તે રહે. કારણ કે બુદ્ધિ એ ભાંજગડ કરે ને અવળું કરે. તે આ સમજાયું બુદ્ધિ ભાંજગડ કરે ? અમારે બુદ્ધિ નહીંને, એટલે તમે અવળું કરો તોય પ્રેમ, સવળું કરો તોય પ્રેમ.

**પ્રશ્નકર્તા :** અને પેલી જે લાગણી આમ ચઢ-ઉતર કર્યા કરે એ બધી આસક્તિ કહેવાય ?

**દાદાશ્રી :** હં, જે ચઢ-ઉતર થયા કરે એ બધી આસક્તિ, એ લાગણી નહીં.

જેના ઉપર આપણને પ્રેમની લાગણી હોય, એ કાયમની હોવી જોઈએ. વારેઘડીએ બદલાયા કરે, એને લાગણી કેમ કહેવાય ? સંજોગાનુસાર, એ સ્વાર્થી કહેવાય. સ્વાર્થ ન હોવો જોઈએ. અમારો તમારી જોડે શું સ્વાર્થ છે ? અમારે લાગણી હોય, પરમેનન્ટ લાગણી.

**પ્રશ્નકર્તા :** અને આપની પરમેનન્ટ લાગણી છે, એને લીધે દાદા અમને અભેદતા લાગે છે.

**દાદાશ્રી :** હં, અભેદતા લાગે. અને અભેદતા લાગે તો તમારું કલ્યાણ થાય. ભેદ લાગે તો કલ્યાણ ના થાય.

## ચિંતા ના અડે જ્ઞાનીને

અમને આ બધાય કહે છે કે 'દાદા, તમે અમારા માટે બહુ ચિંતા રાખો છો, નહીં ?' એ બરોબર છે, પણ એમને ખબર નથી કે દાદા ચિંતાને અડવા જ નથી દેતા. કારણ કે ચિંતા રાખનારો માણસ કશું જ કરી શકે નહીં, નિર્વીર્ય થઈ જાય. ચિંતા નથી રાખતા, તો બધું કરી શકે. ચિંતા રાખનારો માણસ તો ખલાસ થઈ જાય. એટલે આ બધા કહે છે એ વાત ખરી છે. અમે 'સુપર ફ્લુઅસ' બધુંય કરીએ, પણ અમે અડવા નથી દેતા.

**પ્રશ્નકર્તા :** તો આમ ખરેખર કશું ના કરો ? કોઈ મહાત્મા દુઃખમાં આવી ગયો તો કશું કરો નહીં ?

**દાદાશ્રી :** કરીએને ! પણ તે 'સુપર ફ્લુઅસ', અંદર અડવા ના દઈએ. બહારના ભાગનું પૂરું કરી લેવાનું. બહારના ભાગમાં બધા જ પ્રયોગો પૂરા થવા દેવાના, પણ ચિંતા એકલી જ નહીં કરવાની. ચિંતાથી તો બધું બગડે છે ઊલટું. તમે શું કહો છો ? ચિંતા કરવાની કહો છો મને ?

અડવા દઈએ તો એ કામ જ ના થાય. આખા જગતને અડે છે ને અંદર અડે છે, તેથી તો જગતનું કામ થતું નથી. અમે અડવા ના દઈએ, તેથી તો કામ થાય. અડવા ના દઈએ એટલે અમારી 'સેફસાઈડ' ને એનીયે 'સેફસાઈડ'. તમને ગમ્યું એવું અડવા ના દે એ ? તમે તો અડવા દીધેલું, નહીં ?

અમે તો હિસાબ જોઈ લીધો કે અમે અડવા દઈએ તો અહીં નિર્વીર્ય થાય અને પેલાનું કામ થાય નહીં. અને ના અડવા દઈએ તો એ આત્મવીર્ય પ્રગટ થાય અને પેલાનું કામ થાય.

## અહોહો ! આ લઘુતમ પદ

**પ્રશ્નકર્તા :** દાદા, તમે કેવી રીતે અનાસક્ત થયા ?

**દાદાશ્રી :** બધું એની મેળે, 'બટ નેચરલ' ઊભું થઈ ગયું. આ મને કંઈ ખબર નથી પડતી કે શી રીતે થયું આ !

**પ્રશ્નકર્તા :** પણ હવે તો તમને ખબર પડેને ? એ પગથિયા અમને કહો.

**દાદાશ્રી :** હું કશું કરવા ગયેલો નહીં, કશું થયું નથી. હું કરવા ગયો શું અને થઈ ગયું શું ? હું તો આટલીક ખીર બનાવવા ગયો હતો, દૂધમાં ચોખા નાખીને પણ આ તો અમૃત થઈ ગયું ! એ પૂર્વનો સામાન બધો ભેગો થયેલો. મને એમ ખરું કે મહીં આપણી પાસે કંઈક છે, એટલી ખબર ખરી.

**પ્રશ્નકર્તા :** એટલે તમે જે રીતે અનાસક્ત થયા તો મને એમ કે એ રીતનું વર્ણન કરશો, તો એ રીતની મને સમજણ પડશે.

**દાદાશ્રી :** એવું છે, આ 'જ્ઞાન' લીધું ને અમારી આજ્ઞામાં રહે, એ અનાસક્ત કહેવાય. પછી ભલેને એ ખાતો-પીતો હોય કે કાળો કોટ પહેરતો હોય કે ધોળા કોટ-પેન્ટ પહેરતો હોય કે ગમે તે પહેરતો હોય, પણ એ અમારી આજ્ઞામાં રહ્યો એ અનાસક્ત કહેવાય. આ આજ્ઞા અનાસક્તનું જ 'પ્રોટેક્શન' (રક્ષણ) છે.

## 'તમારું' છે ને તમને આપ્યું છે

બાકી, 'તમે' અનાસક્ત છો જ. અનાસક્તિ કંઈ મેં તમને આપી નથી. અનાસક્ત 'તમારો' સ્વભાવ જ છે અને તમે દાદાનો ઉપકાર એમ માનો કે દાદાએ અનાસક્તિ આપી. ના, ના, મારો ઉપકાર માનવાની જરૂર નથી. અને 'હું ઉપકાર કરું છું' એમ માનીશ તો મારો પ્રેમ ખલાસ થતો જાય. મારાથી 'હું ઉપકાર કરું છું' એવું ના મનાય. એટલે પોતે પોતાની પૂરી સમજમાં રહેવું પડે, સંપૂર્ણ જાગૃતિમાં રહેવું પડે.

એટલે અનાસક્ત તમારો પોતાનો સ્વભાવ છે. તમને કેમ લાગે છે ? મેં આપ્યું છે કે તમારો પોતાનો સ્વભાવ જ છે ?

**પ્રશ્નકર્તા :** પોતાનો સ્વભાવ છે ને !

**દાદાશ્રી :** હા, એવું બોલોને જરા. આ તો બધુંયે 'દાદાએ આપ્યું, દાદાએ આપ્યું' કહો, તે ક્યારે પાર આવશે ?

**પ્રશ્નકર્તા :** પણ એનું ભાન તો તમે કરાવ્યુંને ?

**દાદાશ્રી :** હા, પણ ભાન કરાવ્યું એટલું જ ! બાકી 'બધું મેં આપ્યું છે' એમ કહો પણ તે તમારું છે ને તમને આપ્યું છે.

## પ્રેમ એટલે લગની લાગે

**પ્રશ્નકર્તા :** દરેક માનવનો ધ્યેય આ જ છે ને કે શુદ્ધ ઈશ્વરનો પ્રેમ સંપાદન કરવો. એ કેવી રીતે ?

**દાદાશ્રી :** પ્રેમ તો અહીં બધા લોકોને (સંપાદન) કરવો હોય, પણ મીઠો લાગે તો કરેને ? એવું ઈશ્વર કોઈ જગ્યાએ મીઠો લાગ્યો એ મને દેખાડોને !

**પ્રશ્નકર્તા :** ઈશ્વરમાં રુચિ તો હોય, છતાં અમુક આવરણ એવા બંધાઈ જાય એટલે ઈશ્વરનું નામ નહીં લઈ શકતા હોય ?

**દાદાશ્રી :** પણ ઈશ્વર પર પ્રેમ આવ્યા વગર શેનો નામ લે તે ? ઈશ્વર પર પ્રેમ આવવો જોઈએ ને ? અને ઈશ્વરને બહુ પ્રેમ કરીએ એમાં શું ફાયદો ? મારું કહેવાનું કે આ કેરી હોય તે મીઠી લાગે તો પ્રેમ થાય. ને કડવી લાગે કે ખાટી લાગે તો ? એવું ઈશ્વર ક્યાં આગળ મીઠો લાગ્યો, તે તમને પ્રેમ થાય ?

એવું છે, જીવમાત્રની અંદર ભગવાન બેઠેલા છે, એ ચેતનરૂપે છે, કે જે ચેતન જગતના લક્ષમાં જ નથી. અને જે ચેતન નથી તેને ચેતન માને છે. આ શરીરમાં જે ભાગ ચેતન નથી તેને ચેતન માને છે અને જે ચેતન છે એ એના લક્ષમાં જ નથી, ભાનમાં જ નથી. હવે એ શુદ્ધ ચેતન એટલે શુદ્ધાત્મા અને એ જ પરમેશ્વર છે. એનું નામ ક્યારે યાદ આવે ? કે જ્યારે આપણને એમના તરફથી કંઈક લાભ થાયને તો જ એમના પર પ્રેમ આવે. જેના પર પ્રેમ આવેને, તે આપણને યાદ આવે તો તેનું નામ લઈ શકીએ. એટલે પ્રેમ આવે એવા આપણને મળે ત્યારે એ આપણને યાદ રહ્યા કરે. તમને 'દાદા' યાદ આવે છે ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એમને પ્રેમ છે તમારી પર, તેથી યાદ આવે છે. હવે પ્રેમ કેમ આવ્યો ? કારણ કે 'દાદા'એ કંઈક સુખ આપ્યું કે જેથી પ્રેમ ઉત્પન્ન થયો અને એ પ્રેમ ઉત્પન્ન થાય એટલે પછી ભૂલાય જ નહીંને ! એ યાદ કરવાનું હોય જ નહીં. પ્રેમ એટલે લગની લાગે તે અને તે આખો દહાડો યાદ આવ્યા કરે.

## શબ્દો પરનો પ્રેમ તે સ્થૂળ પ્રેમ

છતાં અમનેય ચાહવાની જરૂર નથી ને કોઈનેય ચાહવાની જરૂર નથી. આ ચાહ્યા તેથી તો આજ્ઞા નથી પળાતીને ! મારી જોડેય ચાહ જોઈએ નહીં ને કોઈની જોડેય ચાહ જોઈએ નહીં. આ ચાહવાથી આજ્ઞા ઊડી જાય. આ તો સંતો જોડે ચાહ રાખશે, પણ પાછું સ્ત્રી જોડે ચાહ નહીં ? એય જરૂર નહીં. એ ચાહ શેને માટે ? પાછું મારા શબ્દો પર ચાહ, એનો અર્થ જ શો છે ?

**પ્રશ્નકર્તા :** શબ્દોની અંદરના અર્થને ?

**દાદાશ્રી :** ના, એમાં અર્થ જ નથી હોતો. આ તો પેલા માની લે છે એટલું જ. આપણને એ શબ્દો પર રાગ છે અને એ રાગ છે તેને લઈને આ બધી આજ્ઞા ના પળાય. એટલે આ શબ્દો બધાનો રાગ છોડી દેવાનો. પછી દાદાના શબ્દો હોય કે ગમે તેના શબ્દો હોય, કશું વળે નહીં. આ શબ્દો ઉપરનો પ્રેમ તો સ્થૂળ પ્રેમ છે, એ નકામો છે, આસક્તિવાળો છે. એ આસક્તિ ના છોડે ત્યાં સુધી મૂળ જ્ઞાનને ટચ ના થવા દે. તે આને શું કરવાનું ? દાદાના શબ્દો હોય કે ગમે તેના શબ્દો હોય, તેને શું કરવાનું ?

**પ્રશ્નકર્તા :** જે પ્રેરણા સ્ત્રોત છે, જ્યાંથી શબ્દો આવે છે, એની કિંમત છે, શબ્દની કિંમત નથી.

**દાદાશ્રી :** શબ્દો ટેપરેકર્ડ જ છે ખાલી. કોઈ જગ્યાએથી આવતા નથી. તે આને ગા ગા કરીએ, તેનો શો અર્થ છે ? એટલે આ બધો શબ્દ મોહ જતો રહેને, તો દહાડો વળે. શબ્દમોહ એ માણસ પર મોહ કરાવડાવે છે, પક્ષપાતી રાખે છે અને પક્ષપાત હોય તો દહાડો ના વળે. એટલે દાદા ઉપરનોય મોહ, મેં ના પાડેલી છે. આ દેહ પર મોહ નહીં રાખવાનો.

## પરમ વિનય ને પ્રેમ, બીજી કશી જરૂર નથી

આ 'દાદો' તો એવો પાક્યો છે કે જે કશાથી ખરીદાય તેવો છે જ નહીં. એક માત્ર પરમ વિનયથી જ ખરીદાય તેવો છે ! વિનય અને પ્રેમ કોઈથી તરછોડાય તેમ નથી.

**પ્રશ્નકર્તા :** તમને જોઈએ ત્યારે થાય કે દાદા તમે આવા છો, તમારામાં કેટલો પ્રેમ ભરેલો છે. તો તીર્થંકરો ક્યાં ! મહાવિદેહ ક્ષેત્રમાં તો આનાથી શુંય હશે !

**દાદાશ્રી :** એ પ્રેમ આવો ના હોય. આ ખટપટિયો પ્રેમ, એ ખટપટિયો પ્રેમ ના હોય.

**પ્રશ્નકર્તા :** આપ જેવી રીતે સીમંધર સ્વામી જોડે વ્યવહાર રાખતા હોય એનું અમારે નથી જોવું, પણ અમે દાદા જોડે કઈ રીતે વ્યવહાર રાખીએ કે પહોંચી જઈએ ?

**દાદાશ્રી :** આ રાખો છો તે જ વ્યવહાર, આવો પ્રેમ ને પરમ વિનય એ જ બસ. બીજું કશું જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** તો પછી એક પ્રશ્ન એ રહેને, દાદા કહે કે બેસ તો બેસી જવાનું ને ઊભો થા કહે તો ઊભા થઈ જવાનું, એ બરોબર છે ?

**દાદાશ્રી :** હા, એવું જ, બસ, બસ. હા, કો'ક વખત એવુંયે બોલે, આવો અમારી જોડે બેસો, એમ કહે તો તમારે કહેવું કે નીચે બેસું કે અહીં બેસું ? ફરી પૂછવું. કારણ કે એ એમનો અસલ સ્વભાવ નીકળે વ્યવહારનો. એટલે આપણે ફરી પૂછવું પડે કે આપ કહો તો ઉપર બેસું, નહીં તો નીચે બેસું. ત્યારે કહે, નીચે બેસો. નહીં તો પછી કહેશે કે ઉપર બેસો તો ઉપર બેસવુંયે પડે.

જ્ઞાનીના શબ્દને હલાવવો નહીં. બહુ મોટું જોખમ ! હા, એ એક જ શબ્દ મોક્ષે લઈ જાય. એક શબ્દ જો મહીં પેસી ગયો ને પચન થયો તો મોક્ષે લઈ જાય.

પ્રેમ એ તો જ્ઞાની પુરુષથી હોય, તે ઠેઠ ભગવાન સુધી. એ લોકોને પ્રેમનું લાઈસન્સ હોય. એ પ્રેમથી જ લોકોને સુખી કરી દે. એ પ્રેમથી જ બાંધે પાછા, છૂટાય નહીં. તે 'જ્ઞાની પુરુષ'થી ઠેઠ તીર્થંકર સુધી બધા પ્રેમવાળા, અલૌકિક પ્રેમ !

## બુદ્ધિ નહીં ત્યાં અભેદ પ્રેમ

**પ્રશ્નકર્તા :** તો અમારે હૃદયમાં પ્રેમ કેવી રીતે લાવવો ?

**દાદાશ્રી :** હૃદય હોય જ મનુષ્યને, જો બુદ્ધિ વધારે નહીં, બુદ્ધિ ઉપર એકાંગી ના થઈ જાય તો.

**પ્રશ્નકર્તા :** હૃદય એટલે શું કહેવા માગો છો ?

**દાદાશ્રી :** હૃદય બુદ્ધિની જોડે જ ચાલતું હોવું જોઈએ. બુદ્ધિ એકદમ આગળ વધી જાય તો હૃદય બંધ પડી જાય. હૃદય એટલે શુદ્ધ પ્રેમપૂર્વકનો માર્ગ છે. એ બધા (જેની બુદ્ધિ નોર્મલ હો એ) હૃદયમાર્ગી હોય. એટલે શુદ્ધ પ્રેમ મહીં જોડે જોડે હોય.

અમારો નિરંતર પ્રેમ હોય ને તે બધે સરખો, સમાન પ્રેમ હોય. અમારા પ્રેમમાં ભેદ ના પડે અને અભેદ પ્રેમ છે, ત્યાં તો બુદ્ધિ જતી રહે પછી. હંમેશાં પ્રેમ પહેલા બુદ્ધિને તોડી નાખે અગર તો બુદ્ધિ પ્રેમને આસક્ત બનાવે. એટલે બુદ્ધિ હોય ત્યાં પ્રેમ ના હોય ને પ્રેમ હોય ત્યાં બુદ્ધિ ના હોય. અભેદ પ્રેમ ઉત્પન્ન થાય કે બુદ્ધિ ખલાસ થઈ. એટલે અહંકાર ખલાસ થયો. પછી કશું રહ્યું નહીં. અને મમતા ના હોય ત્યારે જ પ્રેમસ્વરૂપ થઈ શકે. અમે તો અખંડ પ્રેમવાળા !

વિખૂટા નહીં પડવું, એનું નામ જ પ્રેમ. ભેદ નહીં પાડવો, એનું નામ પ્રેમ. અભેદતા થઈ એ જ પ્રેમ. એ પ્રેમ નોર્માલિટી કહેવાય છે. ભેદ હોય તો સારું કામ કરી આવેને, તો ખુશ થઈ જાય. અને પાછો થોડીવાર પછી નબળું કામ (થાય), ચાના પ્યાલા પડી ગયા તો ચિડાઈ જાય. એટલે એબૉવ નોર્મલ, બિલો નોર્મલ થયા કરે. પેલું પ્રેમવાળો એ તો કામ જુએ નહીં, મૂળ સ્વભાવના દર્શન કરે. કામ તો આપણે નોર્માલિટીમાં પ્રોબ્લેમ ના થાય એવા જ કામ થાય.

## પ્રેમના હથિયારે જગત ડાહ્યું થાય

**પ્રશ્નકર્તા :** પણ અમને આપના માટે જે ભાવ જાગે છે, એ શું છે ?

**દાદાશ્રી :** એ અમારો પ્રેમ તમને પકડે છે. સાચો પ્રેમ આખા જગતને પકડી શકે. પ્રેમ ક્યાં ક્યાં હોય ? પ્રેમ ક્યાં હોય કે જ્યાં અભેદતા હોય ત્યાં. એટલે જગત જોડે અભેદતા ક્યારે કહેવાય કે પ્રેમસ્વરૂપ થાય તો. આખા જગત જોડે અભેદતા કહેવાય. એટલે ત્યાં આગળ બીજું કશું દેખાય નહીં, પ્રેમ સિવાય. ખરી રીતે જગત જેમ છે તેમ એ જાણે, પછી અનુભવે તો એને પ્રેમસ્વરૂપ જ થાય. જગત જેમ છે તેમ શું છે, કે કોઈ જીવ કિંચિત્‌માત્ર દોષિત નથી. નિર્દોષ જ છે જીવમાત્ર. કોઈ દોષિત દેખાય છે તે ભ્રાંતિથી જ દેખાય.

**પ્રશ્નકર્તા :** હા. સમજ પડી. એટલે અમારામાં જાગતો ભાવ એ આપના હૃદયના જ પ્રેમનું પરિણામ છે એમ જ ?

**દાદાશ્રી :** હા, પ્રેમનું જ પરિણામ છે. એટલે પ્રેમના હથિયારથી જ ડાહ્યા થઈ જાય. મારે વઢવું ના પડે.

મનુષ્યો તો રૂપાળા હોય તોય અહંકારથી કદરૂપા દેખાય. રૂપાળા ક્યારે દેખાય ? ત્યારે કહે, પ્રેમાત્મા થાય ત્યારે. ત્યારે તો કદરૂપોય રૂપાળો દેખાય. શુદ્ધ પ્રેમ પ્રગટ થાય ત્યારે જ રૂપાળો દેખાવા લાગે. જગતના લોકોને શું જોઈએ છે ? મુક્ત પ્રેમ, જેમાં સ્વાર્થની ગંધ કે કોઈ પ્રકારનો ઘાટ ના હોય.

આ તો કુદરતનો 'લૉ' છે, નેચરલ લૉ ! કારણ કે પ્રેમ એ ખુદ પરમાત્મા છે.

## જ્ઞાની નિશ્રાએ પ્રેમ ઊભરાય

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાન પછી અમને જે અનુભવ થાય છે, એમાં કંઈ પ્રેમ, પ્રેમ, પ્રેમ ઊભરાય છે એ શું છે ?

**દાદાશ્રી :** એ પ્રશસ્ત રાગ છે. જે રાગથી સંસારના રાગ બધા છૂટી જાય. આવો રાગ ઉત્પન્ન થાય એટલે સંસારમાં જે બીજા રાગ બધે લાગેલા હોય, એ બધા પાછા આવી જાય. આને પ્રશસ્ત રાગ કહ્યો ભગવાને. પ્રશસ્ત રાગ એ પ્રત્યક્ષ મોક્ષનું કારણ છે. એ રાગ બાંધે નહીં. કારણ કે એ રાગમાં સંસાર હેતુ નથી. ઉપકારી પ્રત્યેનો રાગ ઉત્પન્ન થાય, એ પ્રશસ્ત રાગ. એ બધા રાગને છોડાવડાવે.

આ 'દાદા'નું નિદિધ્યાસન કરીએ તો એમનામાં

જે ગુણો છે ને, તે ઉત્પન્ન થાય આપણામાં. બીજું એ કે જગતની કોઈ વસ્તુની સ્પૃહા નહીં કરવાની, ભૌતિક ચીજની સ્પૃહા કરવી નહીં. આત્મસુખ જ વાંછવું, બીજું કંઈ વાંછવું જ નહીં અને કોઈ આપણને ગાળ ભાંડી ગયો હોય એની જોડેય પ્રેમ ! એટલું હોય કે કામ થઈ ગયું પછી.

## આપણી વૃત્તિ કહી આપે આપણો પ્રેમ

**પ્રશ્નકર્તા :** દાદા, શાસ્ત્રો એમ કહે છે જ્ઞાની પુરુષ પર પ્રેમ રાખવો જોઈએ. હવે જ્ઞાની પુરુષ માટે ખરેખર પ્રેમ છે એ કેવી રીતે ખબર પડે ? એ કોઈ થર્મોમીટર જેવું ખરું ? કારણ કે આમ તો બધું, આખા ચીલાચાલુ જગતમાં કશી ખબર જ ના પડે.

**દાદાશ્રી :** ખબર પડે. આપણી વૃત્તિઓ આપણને કહી આપેને ! સગુંવહાલું, આમાં આ કયું સગું તે વધારે વહાલું ખબર પડે, પ્રેમ છે, ભાવ છે તે આપણને ખબર પડે તો આ ના ખબર પડે ? બધું ખબર પડે. આત્મા થર્મોમીટર જેવો છે. જેમાં મૂકો તેમાં માર્ક બતાવે, કે આટલી ડિગ્રી થઈ !

**પ્રશ્નકર્તા :** જ્ઞાની પુરુષ પ્રત્યે પ્રેમ છે, એના લક્ષણ કેવા હોય ?

**દાદાશ્રી :** એ લક્ષણ જાણે, પણ આ પોતાને ખબર પડે, કે મને એમના પ્રત્યે વધારે છે, જોકે બધાને, ઘણા ખરાને પ્રેમ તો હોય જ, પણ કોઈને વધતો-ઓછો હોય. હવે જ્ઞાની પુરુષને પ્રેમની કંઈ જરૂર નથી. તમે એમને રાજી રાખોને, તો બહુ થઈ ગયું, બસ. અને ઉતરે ના એવો પ્રેમ હોય એ પ્રેમ છે. તારે ઉતરી જાય છે કે નથી ઉતરી જતો ?

**પ્રશ્નકર્તા :** હા, ઉતરી જાય ચંદુ*નો. ચંદુનામાં ફેરફાર થાય.

**દાદાશ્રી :** પછી એ પ્રેમ કહેવાય નહીંને ?

**પ્રશ્નકર્તા :** નહીં પણ આપના તરફથી ક્યારેય ઘટાડેલું પ્રેમવાળું ના દેખાય ત્યારે અહીં એ પ્રેમ આપના પ્રત્યે ટકેલો, એટલે કે સ્થિર રહે એ પ્રમાણે. એટલે જ્યારે સામાનો રિસ્પોન્સ હોય, એટલે બીજી વ્યક્તિઓમાં એવું ફેરફારવાળું દેખાતું હોય ત્યાં સુધી અહીંયાય ફેરફાર થયા કરે, એવું બનેને ?

**દાદાશ્રી :** ના, એ પેલા જોતા આવડે નહીંને ! એ બહુ મુશ્કેલી છે. અમારો (પ્રેમ) ઘટવધ ના હોય.

**પ્રશ્નકર્તા :** ના, એ તો બીજાની વાત કરે છે.

**દાદાશ્રી :** ના, એમ નહીં. એ બીજાની વાત કરે, પણ આ અમારો (પ્રેમ) ઘટવધ ના હોય એવું તમને ખબર પડે, તમે જ્યારથી ભેગા થયા ત્યારથી ?

**પ્રશ્નકર્તા :** પડે જ ને, દાદાજી.

**દાદાશ્રી :** તમને ખબર પડે કે અમારો જે છે એનો એ જ પ્રેમ દેખાય ?

**પ્રશ્નકર્તા :** હા, બરાબર છે, દાદાજી.

**દાદાશ્રી :** ગમ્મત કરીએ, ગમે તે કરીએ, પણ તે પાછું પ્રેમ તો તેનો તે જ હોય એવું દેખાય. વઢીએય ખરા, પણ પ્રેમ તેની તે જગ્યાએ હોય. વઢવું-કરવું એ જુદી વસ્તુ છે. અને એ પ્રેમ જે વધઘટ નહીંને, એ જ પરમાત્મા. બસ, બીજું કશું નહીં.

## રાગમાંય વીતરાગ, જ્ઞાની

એટલે એમને નીરુબેનને કહીએ, તે ઘડીએ રાજીપો જતો ના રહે અમારો. બીજાને એવું અવળું સમજાય. કારણ કે જોવાની દૃષ્ટિ બરોબર નહીં.

**નીરુબેન :** આપ બોલોને કે અમે નારાજ થઈ ગયા. અમને નારાજ કરો તો તમે...

**દાદાશ્રી :** એટલે એવું તો આમને કહ્યું એ. તમારે (નીરુબેન) માટે નહીં.

એવું છે, બીજા જોડે અમે વઢીએ ને બીજાને તે ઘડીએ અમે ખુશીથી એની જોડે વાત કરીએ પણ પછી મહીં ઓછું થઈ જાય. એને એમ લાગે કે મારી

* ચંદુની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

ઉપર તો દાદા ખુશ છે. કેટલા બધા સમભાવી છે. (નીરુબેન) તમારી પર સમભાવ રાખીએ નહીં. એ રાખીએ તો પછી તમારા પરનો એ રાજીપો મહીં ઓછો થઈ ગયો કહેવાય.

**પ્રશ્નકર્તા :** એ સમજાય છે, દાદા.

**દાદાશ્રી :** પેલા બીજા જોડે સંપૂર્ણ વીતરાગ હોઈએ. (નીરુબેન) તમારી જોડે સંપૂર્ણ વીતરાગ ના હોઈએ. બીજે વીતરાગ હોઈએ એટલે પછી ત્યાં એનામાં, અમારો પ્રેમ ઘટી ગયો ને વીતરાગ થતા ગયા. પ્રેમ ઘટી ગયો ને વીતરાગ થતા ગયા અને તમને વઢીએ એટલે અમારો પ્રેમ છે. તમારી જોડે વીતરાગ થયા નથી. વીતરાગ તમારી જોડે ના થયા એ, બસ. તમને સમજાયું છેને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** એ પછી આગળ વધીએ. અત્યારે ના સમજાય તો આગળ, પછી સમજણ પડશે એ.

## સંપૂર્ણ વીતરાગતા એ જ પ્રેમ

**પ્રશ્નકર્તા :** દાદા, એક એવી રીતે વાત નીકળી'તી, કે પ્રેમ એટલે વીતરાગોને દર્શન હોય, પ્રેમ ના હોય એટલે અમે ખટપટીયા વીતરાગ છીએ, એટલે અમે પ્રેમસ્વરૂપ થયા ત્યારે સંપૂર્ણ વીતરાગતા ના ઉત્પન્ન થઈ. એ જરા સમજવું હતું એટલે પ્રેમસ્વરૂપ અને સંપૂર્ણ વીતરાગતા એ બે એક જ ?

**દાદાશ્રી :** સંપૂર્ણ વીતરાગતામાં પ્રેમ જ હોય છે. પ્રેમ એટલે શું ? કોઈના તરફ સહેજ પણ ભાવ બગડે નહીં એનું નામ પ્રેમ. સંપૂર્ણ વીતરાગતા એનું નામ જ પ્રેમ કહેવાય.

**પ્રશ્નકર્તા :** કોઈનાયે દોષ ના દેખાય ?

**દાદાશ્રી :** દોષની તો વાત જ ક્યાં ગઈ, એ તો જાણે કે ના દેખાય, પણ એ તો સામો અવળું કરે તોયે કિંચિત્‌માત્ર પ્રેમ ઘટે નહીં.

એ પ્રેમસ્વરૂપ એટલે વીતરાગતા હોય ત્યારે પ્રેમસ્વરૂપ. જેટલી વીતરાગતા એટલો પ્રેમસ્વરૂપ થયો.

**પ્રશ્નકર્તા :** ના, એટલે ત્યાં જ બે વાતો એવી રીતે હતી, જુદી (રીતે) હતી. એટલે વીતરાગોને, દર્શન કહેવાય, જ્યારે અમારે પ્રેમ કહેવાય એમ. વીતરાગતા ના કહેવાય અમારે.

**દાદાશ્રી :** હા, વીતરાગતા એટલે આ અમારો પ્રેમ છે તે આમ પ્રેમ દેખાતો હોય ને એમનો પ્રેમ દેખાય નહીં, વીતરાગોનો પ્રેમ દેખાય નહીં. ખરો પ્રેમ તો એ જ કહેવાય અને આ અમારો પ્રેમ દેખાય, પણ તે ખરો પ્રેમ ના કહેવાય. એક્ઝેક્ટલી જેને કહેવામાં આવે છે ને, એ ના કહેવાય. એક્ઝેક્ટલી (ત્યાં) સંપૂર્ણ વીતરાગતા થાય. આ તો ચૌદશ કહેવાય, હજુ પૂનમ નહોય.

**પ્રશ્નકર્તા :** એટલે પૂનમવાળાને આના કરતા પણ વધુ પ્રેમ ?

**દાદાશ્રી :** એ જ સાચો પ્રેમ. આ આમાં કચાશેય હોય કોઈ જગ્યાએ. એટલે પૂનમવાળાનો સાચો પ્રેમ હોય.

**પ્રશ્નકર્તા :** દાદા, સંપૂર્ણ વીતરાગ હોય ને પ્રેમ ન હોય એવું તો બને જ નહીં શકેને ?

**દાદાશ્રી :** પ્રેમ વગર હોય જ નહીંને ! ના.

## દ્વેષ નિર્મૂળ થયે શુદ્ધ પ્રેમ ઉદ્‌ભવે

**પ્રશ્નકર્તા :** એટલે પ્રેમને પેલી અપેક્ષાએ કીધું હશે કે દ્વેષનો અભાવ થવો ?

**દાદાશ્રી :** દ્વેષનો અભાવ તો તમને હઉ થયેલો હોય. અમે જ્ઞાન આપીએ છીએને, ત્યારથી દ્વેષનો અભાવ થઈ જાય, તે વીતદ્વેષ થઈ ગયેલો હોય છે. પછી વીતરાગ થવાનો બાકી રહ્યો.

**પ્રશ્નકર્તા :** તો પ્રેમનું સ્થાન ક્યાં આવ્યું ? પ્રેમની સ્થિતિ કઈ જગ્યાએ તો પછી ?

**દાદાશ્રી :** પ્રેમ તો, એ જેટલો વીતરાગ થયો એટલો પ્રેમ ઉત્પન્ન થયો. સંપૂર્ણ વીતરાગને સંપૂર્ણ પ્રેમ !

**પ્રશ્નકર્તા :** સંપૂર્ણ વીતરાગ ત્યાં સંપૂર્ણ પ્રેમ ?

**દાદાશ્રી :** એટલે વીતદ્વેષ તો તમે બધા થઈ ગયેલા જ છો. હવે વીતરાગ ધીમે ધીમે થતા જાય, દરેક બાબતમાં. આમાં આ અનુભવ થઈ ગયો એ વીતરાગ. આનો અનુભવ વીતરાગ થતા થતા થતા થતા છે તે કોઈ કોઈ માણસની વૃત્તિઓ એવી હોય કે જે (સંપૂર્ણ) વીતરાગ ના પણ થયેલા હોય.* મને જગત આખું નિર્દોષ દેખાય છે પણ તે શ્રદ્ધામાં. શ્રદ્ધામાં એટલે દર્શનમાં અને બીજું અનુભવમાં પણ આવ્યું છે કે નિર્દોષ છે જ. અનુભવમાં હંડ્રેડ પરસન્ટ આવી ગયું છે.

હવે જેટલો દ્વેષ જાય, તેટલો શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થાય. શુદ્ધ પ્રેમને ઉત્પન્ન થવા માટે શું જવું જોઈએ આપણામાંથી ? કંઈક વસ્તુ બાદ થાય તો પેલી વસ્તુ આવે. એટલે આ વેક્યુમ (જગ્યા) રહી શકતું નથી. એટલે આમાંથી દ્વેષ જાય, એટલે શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થાય. એટલે જેટલો દ્વેષ જાય એટલો શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થાય. સંપૂર્ણ દ્વેષ જાય ત્યારે સંપૂર્ણ શુદ્ધ પ્રેમ ઉત્પન્ન થાય, આ જ રીત છે.

### મારી પાસે તો એક જ, પ્રેમનું હથિયાર

જગત જે હથિયાર લઈને સામું થાય છે, ક્રોધ-માન-માયા-લોભના, એ હથિયાર મેં નીચે મૂકેલા છે. એને હું વાપરતો નથી. હું પ્રેમથી જગતને જીતવા માગું છું. 'હું કોઈને લઢવા માગતો નથી, મારી પાસે તો એક જ પ્રેમનું હથિયાર છે.' બીજું કશું નહીં.

જગત જે સમજે છે તે તો લૌકિક પ્રેમ છે. પ્રેમ તો એનું નામ કે તમે મને ગાળો દો તો હું ડિપ્રેસ ન થઉ ને હાર ચડાવો તો એલિવેટ ન થઉ. સાચા પ્રેમમાં તો ફેર જ ના પડે. આ દેહના ભાવમાં ફેર પડે પણ શુદ્ધ પ્રેમમાં નહીં. આ સારું-ખોટું એ બુદ્ધિના આધીન છે.

### આત્મા જોડે થાવ સિન્સિયર

**પ્રશ્નકર્તા :** આ વાત બરાબર સમજાઈ ગઈ કે જ્યાં સુધી પ્રગટ પુરુષના હૃદયમાંથી જે પ્રેમનો અનુભવ મળે એ જ પ્રેમ છે, એ સિવાય કશું પ્રેમ નથી.

**દાદાશ્રી :** આ તો ભ્રાંતિથી આસક્તિને પ્રેમ કહે છે લોકો. વધઘટ થાય એ આસક્તિ, એટેચમેન્ટ-ડિટેચમેન્ટ કહેવાય છે. વધઘટ ના થાય એ પ્રેમ અને એ જ પરમાત્મા પ્રેમ, એનું નામ શુદ્ધ પ્રેમ. શુદ્ધ પ્રેમ એ પરમાત્મા પ્રેમ ગણાય છે.

**પ્રશ્નકર્તા :** એવો શુદ્ધ પ્રેમ કેવી રીતે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** જગત જ્યારે નિર્દોષ દેખાશે ત્યારે પ્રેમ ઉત્પન્ન થશે. આ મારા-તારા એ ક્યાં સુધી લાગે છે, કે જ્યાં સુધી બીજાને જુદા ગણીએ છીએ હજી. એની જોડે ભેદ છે ત્યાં સુધી આ મારા લાગે છે, તેથી આ એટેચમેન્ટવાળાને મારા ગણીએ છીએ ને ડિટેચમેન્ટવાળાને પારકા ગણીએ છીએ. એ કોઈ સાથે પ્રેમસ્વરૂપ રહે નહીં. એટલે પ્રેમસ્વરૂપ, આ પ્રેમ એ પરમાત્મા ગુણ છે એટલે ત્યાં આગળ પોતાને બધું જ દુઃખ વિસારે પડી જાય એ પ્રેમથી. એટલે પ્રેમથી બંધાયું એટલે પછી કશું બીજું બંધાવાનું રહ્યું નહીં. અને જે જ્ઞાની પુરુષ જોડે, આત્મા જોડે, રિયલ જોડે હંમેશાં સિન્સિયરલી રહેવું જોઈએ અને દેહ જોડે, દેહાધ્યાસ જોડે એ બધા જોડે ટુલી રહેવું જોઈએ. સિન્સિયર નહીં રહેવાનું. યોર્સ ટુલી લખીએ છે ને આપણે ?

**પ્રશ્નકર્તા :** હા, યોર્સ ટુલી લખીએ છીએ.

**દાદાશ્રી :** સિન્સિયર આત્મા જોડે અને જ્ઞાની પુરુષ જોડે રહેવાનું. બીજે ટુલી લખવાનું એટલે અમે ટુલી લખીએ. બીજે સિન્સિયર ના રહીએ, સિન્સિયર તમારા આત્મા જોડે રહીએ. એટલે એને સમજવાની

* ( દાદાશ્રી પોતાને માટે આ વાત કહે છે, કારણ કે ૩૫૬ ડિગ્રીએ છે.)

જરૂર છે કે ક્યાં ટ્રુલી વાપરવાનું છે અને ક્યાં સિન્સિયરલી વાપરવાનું. આ લોકો કાગળ લખે, તે આપણને એમ લખે છે ને ટ્રુલી, તમારા ટ્રુલી, યોર્સ ટ્રુલી, તે આપણે યોર્સ ટ્રુલી રાખવાનું અને યોર્સ સિન્સિયરલી એ સમજી લેવાનું.

**પ્રશ્નકર્તા :** દાદા, આવો ભેદ કોઈ પાડે જ નહીંને ! ટ્રુલી ને સિન્સિયરલી તો રોજ વાપરતા હોય, પણ ક્યાં વાપરવાનું, તે કોને ખબર પડે ?

**દાદાશ્રી :** ના પણ, એ તો જે હું જાણું છું એ તમને કહી દઉં. મારી પાસે છે એ આપેલું. હું જે રસ્તે જતો હોઉં તે જ રસ્તો મેં તમને બતાડ્યો. તમને મારાથી મેં કંઈ બહુ છેટા રાખ્યા નથી. તમને મારી જોડે જ રાખ્યા. કારણ કે બહુ છેટા કોણ રાખે ? ગુરુ. કયો ગુરુ કે જેને અધિકાર જોઈતા હોય લોકો ઉપર. કંઈક જોઈતું હોય, કંઈ ઈચ્છા હોય, તે છેટો રાખે. ચાવીઓ પોતાની પાસે રાખે. મેં બધી જ ચાવીઓ આપી દીધી. કશું જોઈતું નથી પછી એ શા માટે ? અને અધિકાર (જોઈતા) હોય, જેને જોઈતું હોય કંઈ, તે બે ચાવીઓ રહેવા દે એ ગુરુ. શિષ્યને ડફડાવવા ચાલે કે 'જો હવે નહીં મળે, હં.' અને અહીં આ તો તું સામો થાય તોય વાંધો નહીં. મને સામો થયો તો હું જાણું પરમાત્મા થયો. સામું થવાની તૈયારી કરેને, એટલી શક્તિ આવે ત્યારે થાયને ? સામો થા પણ આવું બેક ના રહે. એટલે આ ટ્રુલી અને સિન્સિયરલી જો સમજાઈ જાય, બહુ સમજવા જેવા બે વાક્યો છે.

**પ્રશ્નકર્તા :** વાત ખરી, સમજવા જેવા છે. કારણ કે ગમે ત્યાં ખેંચાઈ જવાય છે.

**દાદાશ્રી :** હા, બસ, એવું થયું છે. એટલે પ્રેમ ઉત્પન્ન થાય જ નહીંને ! દેહ જોડેય સિન્સિયરલી રહેવા માગો, પ્રેમ શી રીતે ઉત્પન્ન થાય ? તમે કોઈ દહાડો રહેલા સિન્સિયરલી દેહ જોડે ?

**પ્રશ્નકર્તા :** એ રહીએ છીએ.

**દાદાશ્રી :** જ્યાં સુધી ના જાણીએ ત્યાં સુધી તો બધું..

**પ્રશ્નકર્તા :** દાદા, હવે આમાંથી બીજો એક સવાલ ઊભો થાય કે દેહ સાથે સિન્સિયર ન રહેવું એમ બરાબર ?

**દાદાશ્રી :** ટ્રુલી રહેવું.

**પ્રશ્નકર્તા :** પણ સિન્સિયર નહીં રહેવું ?

**દાદાશ્રી :** સિન્સિયર આત્મા જોડે. આ બધાના આત્મા જોડે આપણે સિન્સિયર રહેવું અને એ બધાના દેહ જોડે ટ્રુલી રહેવું. (દેહ જોડે) સિન્સિયર થવાથી આસક્તિ ઊભી થશે.

**પ્રશ્નકર્તા :** પણ જ્ઞાની પુરુષનો દેહનો આધાર લઈને..

**દાદાશ્રી :** એ તો સ્વાભાવિક એ પ્રેમ ઉત્પન્ન થાય. પ્રેમથી પ્રેમ ઉત્પન્ન થાય, પણ તે પ્રેમ છે તે આસક્તિ ના હોય. આસક્તિ ક્યારે કહેવાય છે કે જ્યારે કોઈ સંસારી ચીજ લેવી હોય ત્યારે, સંસારી ચીજનો હેતુ હોય ત્યારે. આ સાચા સુખને માટે તો થાય, એ થશે, એનો વાંધો નહીં. અમારી ઉપર જે પ્રેમ રહે છે તેનો વાંધો નહીં. એ તમને હેલ્પ (કરશે). બીજે પ્રેમ ઊઠાવી દેશે. બીજે આડી જગ્યાએ વપરાતો પ્રેમ ત્યાંથી ઊઠી જશે.

## રિલેટિવ ઓળંગીએ, ત્યાં પ્રેમની શરૂઆત

પ્રેમ તો આખું રિલેટિવ ડિપાર્ટમેન્ટ ઓળંગી જાય ત્યારે ઉત્પન્ન થાય. નિરાલંબ થાય, સ્વાવલંબ થાય ત્યારે પ્રેમ ઉત્પન્ન થાય. પહેલા તો પરાલંબ હતાને ?

અને જ્ઞાની ઉપર પ્રેમભાવ આવ્યોને, ત્યાંથી જ બધો ઉકેલ આવી જાય.

**પ્રશ્નકર્તા :** એટલે જેને જ્ઞાનીની હૂંફ મળી હોય, એ પછી જ્ઞાનીની હૂંફે નિરાલંબ થઈ શકે ને ?

**દાદાશ્રી :** થાયને ! નિરાલંબ થવાનો રસ્તો જ એ છે ને !

**પ્રશ્નકર્તા :** જ્ઞાનીની હૂંફ ના મળે તો ? તો પછી નિરાલંબ ના થવાય ?

**દાદાશ્રી :** દરેક અવતારમાં બૈરા-છોકરા સિવાય, બીજું કશું હોય જ નહીંને ! જાનવરના અવતારમાં જાય તોય બૈરા-છોકરા, જ્યાં જાવ ત્યાં. દેવલોકોમાંય બૈરા (હોય), છોકરાઓ ના હોય ત્યાં આગળ. અનંત અવતાર બૈરા-છોકરાને ઉઠાવ્યા છે પણ જ્ઞાનીઓને કોઈ દહાડો ઉઠાવ્યા નથી અને પ્રેમભાવ આવ્યો નથી. જો આવે તો ઉકેલ જ આવી જાય.

છેવટે જ્યારે ત્યારે નિરાલંબ થવું પડશેને ? ત્યાં સુધી અવલંબન તો લેવું પડશે, સત્‌ના અવલંબન લેવા પડશે.

જ્ઞાની પુરુષ પાસે જ્ઞાન થયા, પછી નિરાલંબ થવા માંડે ત્યારથી, હજુ સંપૂર્ણ નિરાલંબ ન થઈ ગયેલા હોય. નિરાલંબ થવાની શરૂઆત થઈ ગઈ. ત્યાં સુધી હૂંફ ખોળ્યા જ કરે.

સાચો પ્રેમ બહાર ખોળે પણ એ ક્યાંય ના મળે, ત્યારે આત્મા પ્રગટ થાય.

### 'પ્રેમ'થી આત્મવિટામીન પ્રાપ્ત થાય સહજ

પ્રેમને તો વિટામીન કહેવામાં આવે છે. એવો પ્રેમ જુએને એટલે એનામાં વિટામીન ઉત્પન્ન થાય, આત્મવિટામીન. દેહના વિટામીન તો બહુ દહાડા ખાધા છે, પણ આત્માનું વિટામીન ચાખ્યું નથીને ? એનામાં આત્મવીર્ય પ્રગટ થાય છે, ઐશ્વર્યપણું પ્રગટ થાય.

**પ્રશ્નકર્તા :** એ સહજ જ થાયને, દાદા ?

**દાદાશ્રી :** સહજ.

**પ્રશ્નકર્તા :** એટલે એમાં પેલાને કોઈ પ્રકારનું કશું કરવાનું રહેતું નથી.

**દાદાશ્રી :** કશું નહીં. આ બધો માર્ગ જ સહજનો છે.

### અહંકાર ઓગળતા ઊભરાય શુદ્ધ પ્રેમ

**પ્રશ્નકર્તા :** અત્યારે દુનિયામાં બધા લોકો શુદ્ધ પ્રેમ માટે વલખા મારે છે.

**દાદાશ્રી :** શુદ્ધ પ્રેમનો જ આ રસ્તો છે. આપણું આ જે વિજ્ઞાન છે ને, કોઈ પણ જાતની, કોઈ પણ પ્રકારની ઈચ્છા વગરનું છે. એટલે શુદ્ધ પ્રેમનો આ રસ્તો જાગ્યો છે. નહીં તો હોય નહીં આ કાળમાં. પણ આ કાળમાં ઉત્પન્ન થયો એ અજાયબી થઈ છે !

અહંકાર છે ત્યાં સુધી શુદ્ધ પ્રેમ આવે જ નહીંને ! અહંકાર ને શુદ્ધ પ્રેમ બે સાથે રહી શકે નહીં. શુદ્ધ પ્રેમ ક્યારે આવે ? અહંકાર ઓગળવા માંડે ત્યારથી શુદ્ધ પ્રેમ આવવા માંડે અને અહંકાર સંપૂર્ણ ઓગળી જાય એટલે શુદ્ધ પ્રેમની મૂર્તિ થઈ જાય. શુદ્ધ પ્રેમની મૂર્તિ એ જ પરમાત્મા છે. ત્યાં આગળ તમારું બધી જ જાતનું કલ્યાણ થઈ જાય. એ નિષ્પક્ષપાતી હોય, કોઈ પક્ષપાત ના હોય. શાસ્ત્રોથી પર હોય. ચાર વેદ ભણી રહે, ત્યારે વેદ 'ઈટસેલ્ફ' બોલે કે 'ધીસ ઈઝ નોટ ધેટ, ધીસ ઈઝ નોટ ધેટ.' તો 'જ્ઞાની પુરુષ' કહે છે, ધીસ ઈઝ ધેટ, બસ ! 'જ્ઞાની પુરુષ' તો શુદ્ધ પ્રેમવાળા એટલે તરત જ આત્મા આપી દે.

શુદ્ધ પ્રેમ અને શુદ્ધ ન્યાય એ બે ગુણ છે એમની પાસે. શુદ્ધ ન્યાય જ્યારે આ જગતમાં થાય ત્યારે જાણવું કે આ ભગવાનની કૃપા ઉતરી. શુદ્ધ ન્યાય !

### જગત ઊભું વેરથી, પ્રેમથી નહીં

ભગવાનને શુદ્ધ પ્રેમ હોય. જગત વેરથી ઊભું રહ્યું છે, પ્રેમથી નહીં. પ્રેમનું ફાઉન્ડેશન જ નથી, વેરનું ફાઉન્ડેશન છે. પ્રેમવાળા હિસાબ તો આથમી જશે, પણ વેરવાળા ઊભા રહેશે. પ્રેમ તો છેલ્લે પ્રશસ્ત થઈને જ્ઞાની પુરુષમાં કે બીજામાં બેસી જશે. જ્યાં સુધી

પરમાણુ મળતા આવે ત્યાં સુધી અભેદતા રહે ને પછી (મળતા ન આવે તો) વેર થઈ જાય. આસક્તિ હોય ત્યાં વેર હોય જ ! લૌકિક પ્રેમનું ફળ જ વેર છે !

## સર્વમાં 'હું' ભાળે તે પ્રેમમૂર્તિ

તમને સમજાયો 'પોઈન્ટ ઑફ વ્યૂ' ? આ જુદી જાતનું છે અને પ્રેમમૂર્તિ બની જવાનું. બધા એક જ લાગે, જુદાઈ લાગે જ નહીં. આ તો કહેશે, 'આ અમારું ને આ તમારું.' પણ અહીંથી જતી વખતે 'અમારું-તમારું' હોય છે ? એટલે આ રોગને લીધે જુદાઈ લાગે છે. એ રોગ નીકળી ગયો એટલે પ્રેમમૂર્તિ થઈ જાય.

પ્રેમ એટલે આ બધું જ 'હું' જ છું, 'હું' જ દેખાઉ છું, નહીં તો 'તું' કહેવું પડશે. 'હું' નહીં દેખાય તો 'તું' દેખાય. બેમાંથી એક તો દેખાય જ ને ? વ્યવહારમાં બોલવાનું આમ કે 'હું, તું.' પણ દેખાવું જોઈએ તો 'હું' જ ને ! તે પ્રેમસ્વરૂપ એટલે શું ? કે બધું અભેદભાવે જોવું, અભેદભાવે વર્તન કરવું, અભેદભાવે ચાલવું, અભેદભાવ જ માનવો. 'આ જુદા છે' એવી-તેવી માન્યતાઓ બધી કાઢી નાખવી, એનું નામ જ પ્રેમસ્વરૂપ. એક જ કુટુંબ હોય એવું લાગે.

## પ્રેમ સ્વરૂપ થવા માટે...

એટલે હવે આ બધા માણસો સારા છે. કોઈને નુકસાન થાય નહીં, એકમેકને એડજસ્ટ થઈને... આમ બધા ખદબદ ના થાય એવી રીતે સાચવીને, બધા એવું તો કરો કંઈક! પ્રેમ દેખાડો કંઈક! પ્રેમ દેખાતો જ નથી, ત્યાં કંઈ ભૂલચૂક રહી જતી હશે ? શેની ભૂલ હશે એ ? તે આ હું તને કહું છું. આ છે તો કડવું, (પણ) એ તને કેમ મીઠું લાગે છે ? તેને તું વખાણું છું કારણ કે તારું હિતકારી છે એટલે. તો પેલું વધારે હિતકારી છે આના કરતા.

**પ્રશ્નકર્તા :** એ કઈ રીતે, દાદા ? એ સમજણ પાડોને !

**દાદાશ્રી :** તો જ તમે પાસ થશો, નહીં તો પાસ જ નહીં થાવ. દાદાનું લાખ વાર સુધી સાંભળ સાંભળ કરશો, પણ જ્યાં સુધી આ નહીં કરો (પ્રેમસ્વરૂપ નહીં થાવ) ત્યાં સુધી પાસ નહીં થાવ.

**પ્રશ્નકર્તા :** આ એનું પરિણામ જ છે ને, સાંભળેલાનું ?

**દાદાશ્રી :** ના, આ પાસ જ નહીં થાવ ત્યાં ! ફેલ (નાપાસ) જ થયા કરશો, દાદાનું સાંભળ સાંભળ કરીને. હવે મુખ્ય વસ્તુ આ જો કરો તો તો બહુ થઈ ગયું. મારું ઓછું સાંભળશો તો ચાલશે. તમારી ભૂલ દેખાવાની શક્તિ બહુ વધી ગઈ છે હવે તો.

**પ્રશ્નકર્તા :** પણ એ દાદા, ભૂલ કરવાની એ શક્તિય બહુ વધી ગઈ છે.

**દાદાશ્રી :** એ વધી એને તો હું લાપટ મારુંને પાછો. હું લાપટ માર્યા વગર રહું નહીંને ! હું જાણું કે આ અવળું હેંડ્યું હવે. ભૂલ સમજવાની શક્તિ બહુ સારી આવી છે. પણ આ બધી ભૂલો દેખાવી જોઈએ. વીતરાગ એટલે શું ? ના ગમતાને, ના ગમતાની વાતનો સ્વીકાર કરવો આનંદપૂર્વક. નહીં તો તો પાછો તારો મનમેળ જ ના પડે પછી, જરાક એ થયું તે છૂટી ગઈ વાત.

## હવે પ્રેમસ્વરૂપ થઈ જાવ

કોઈ ગાળો ભાંડે તોય તમે પ્રેમસ્વરૂપ થઈ જાવ. તમે અમને પ્રેમસ્વરૂપ જુઓ છો, કેટલા વર્ષથી જોડે છો ? હવે તમારે એવા થવું છે ને ?

**પ્રશ્નકર્તા :** થવું છે, દાદા.

**દાદાશ્રી :** હું કહું કે તમે અક્કલ વગરના છો ત્યારે કહેવું કે 'એ તો હું જાણી ગઈ, કોને તમે કહો છો તે.' એટલે હવે પ્રેમસ્વરૂપ થઈ જાવ.

પ્રેમ ક્યારે ઉત્પન્ન થાય ? સામાની સાથે અત્યાર સુધી ભૂલો થઈ હોય, તેની માફી માગી લેવાની ત્યારે પ્રેમ ઉત્પન્ન થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, માફી માગવાનું બહુ ઈઝી (સરળ) છે, સહેલું છે.

**દાદાશ્રી :** મારી વાત ગમશે ? સમજાઈ હોય તો ગમે.

**પ્રશ્નકર્તા :** દાદા, પોતાને છૂટવું છે, માટે ગમે છે.

**દાદાશ્રી :** છૂટવું છે કે દાદાની જોડે અભેદ થવું છે ?

**પ્રશ્નકર્તા :** એટલે દાદાથી નહીં, પોતાના દોષોથી છૂટવું છે, માટે ગમે છે, દાદા. દાદાની જોડે તો નિરંતર અભેદતા જ જોઈએ છે.

**દાદાશ્રી :** દાદાની જોડે અભેદતા એટલે છૂટવાનું જ હોય, છૂટી જવાય જ.

પેલું તમે ગમે તેટલી માફી માગો પગે અડીને તોય નકામી. દાદાની આજ્ઞા પ્રમાણે કરો તમે, કે 'કોઈનો દોષ એકુંય નથી થયો, પણ મને દેખાયું આ, માટે ત્યાં મારો દોષ હતો.' બધાએ જેની જોડે પ્રેમ કરવો હોય એણે આ રીતે કરવું. તો મહીં પ્રેમ ઉત્પન્ન થશે. કરવો છે કે નહીં કરવો પ્રેમ ?

**પ્રશ્નકર્તા :** હા, દાદા.

**દાદાશ્રી :** અમારી રીતે હોય. અમે જે રીતે તર્યા છીએ, એ રીતે તારીએ અમે.

આ પ્રેમમય માર્ગ છે. જગતમાં કોઈ ઉપર તિરસ્કાર ના આવે તે પરમાત્મા થઈ શકે !

તમે પ્રેમ ઉત્પન્ન કરશો ને ? પ્રેમસ્વરૂપ થઈએ ત્યારે સામાના જોડે અભેદતા હોય. બધું ઝાઝું અમારી જોડે એવી રીતે થયેલું છે. આ રીત ખુલ્લી કરી નાખી અમે.

મતભેદ પડે એવી જગ્યામાં આવી અને મતભેદ ના પડે તો સાચું. આ તો ખસી જઈએ એનો શો અર્થ છે ?

કલ્યાણસ્વરૂપ ક્યારે થવાય કે બધાને પ્રેમ ઉત્પન્ન થાય આપણા ઉપર. બધાને પૂજ્યતા ઉત્પન્ન થાય. સૂઈ રહેલો હોય, ને ઊંઘતો હોય તેનેય નમસ્કાર કરે. તું તો જાગતાને નમસ્કાર ના કરે તો ઊંઘતાને શી રીતે કરે તે ? એ આપણે પહેલું કલ્યાણસ્વરૂપ થાય તો બધું કામ થાય. કલ્યાણસ્વરૂપ થઈ જવું જોઈએ પહેલું !

## અંતે ખપે પ્યૉરિટી સાથે નિર્ભેળ પ્રેમ

**પ્રશ્નકર્તા :** આપણું આ નાનું જૂથ હોય અક્રમનું, તે આખી દુનિયાને કેવી રીતે સુધારી શકશે ?

**દાદાશ્રી :** પાંચ જ માણસ સુધારી શકે. અરે, એક જ માણસ તદ્દન સત્ય પ્રેમ, નિર્ભેળ પ્રેમ રાખતો હોય તે આખા જગતને હલાવીને ખલાસ કરી નાખે (સુધારી નાખે). નિર્ભેળ પ્રેમ જોઈએ. કંઈ જૂથવાળા કશું કરી શકે નહીં. જૂથ તો છે તે અબજ માણસો છે, પણ કશું વળે નહીં.

પ્રેમસ્વરૂપ પોતે ક્યારે થાય ? એ બધું પ્યૉર થઈ જાય ત્યારે. દેહ પણ પ્યૉર, મન પણ પ્યૉર, બધું પ્યૉર થઈ જાય ત્યારે પ્રેમસ્વરૂપ થાય. અને પ્રેમસ્વરૂપના દર્શન કરે તો પેલા સામા પ્રેમસ્વરૂપ થાય. જેને ભજે તેવો થઈ જાય. એ કાયદો આ બધો આ વિજ્ઞાન પ્રેમસ્વરૂપ છે.

**- જય સચ્ચિદાનંદ**

---

**દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના**

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપનું લવાજમ ક્યારે પૂરું થાય છે, એની આપને શી રીતે ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345 #. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમની વિગત અને કયા સરનામે મનીઑર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**૧૭-૧૮ મે :** અડાલજ ત્રિમંદિર ખાતે યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમમાં ૧૫૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું.

**૨૦-૨૨ મે :** ભાદરણ આપ્તસિંચનના ૪૧ સાધકો માટે ત્રિદિવસીય વાર્ષિક શિબિર યોજાઈ. શિબિર દરમ્યાન બ્રહ્મચર્ય સત્સંગ, પર્સનલ ડીસ્કશન, ઈન્ફોર્મલ સત્સંગ અને અનુભવ સેશન, મોર્નિંગ વોક, નાટક, ગરબા, જેવા કાર્યક્રમો થયા હતા. આ વખતે સાધકોને પૂજ્યશ્રી સાથે સામૂહિક ભોજનનો વિશેષ લાભ મળ્યો હતો. ભાદરણ ગામના મહાત્માઓ માટે પૂજ્યશ્રીના દર્શન અને મંદિરમાં સામૂહિક આરતીનો પણ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. પૂજ્યશ્રીની દિનભરની દિનચર્યા નજદીકની નિહાળવા મળતા આ વખતે સાધકોને કંઈક વિશેષ અનુભવ થયો હતો.

**૨૩ મે :** ગોધરા ત્રિમંદિર ખાતે યોજાયેલ એક દિવસીય કાર્યક્રમ દરમ્યાન સ્થાનિક મહાત્માઓએ પૂજ્યશ્રીના દર્શન તથા દાદા દરબાર (પૂજ્યશ્રીને વ્યક્તિગત મળવાનો અવસર)નો અમૂલ્ય લાભ મળ્યો હતો. પૂજ્યશ્રીને ત્રિમંદિરમાં દર્શન કરી ત્યાંના સેવાર્થીઓને વ્યક્તિગત માર્ગદર્શન આપ્યું હતું. સેવાનું મહાત્મ્ય સમજાવતા સર્વે મહાત્માઓએ પોતાની આંગળી ઊંચી કરી સેવા માટે ભાવ પ્રગટ કર્યો હતો.

**૨૪-૨૫ મે :** ઘણાં વર્ષો બાદ દાહોદમાં પૂજ્યશ્રીના સત્સંગ-જ્ઞાનવિધિનો કાર્યક્રમ યોજાયો. ૬૫૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. સેવાર્થીઓ માટે પૂજ્યશ્રીના વિશેષ સત્સંગ-દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. જ્ઞાનવિધિ પછી આપ્તપુત્ર દ્વારા ફોલોઅપ સત્સંગ પણ થયો હતો, જેમાં સારી એવી સંખ્યામાં જ્ઞાન લીધેલાએ ભાગ લીધો હતો.

**૨૭-૨૮ મે :** અડાલજ ત્રિમંદિર ખાતે પૂજ્યશ્રી દ્વારા 'માબાપ-છોકરાંનો વ્યવહાર' વિષય પર વિશેષ સત્સંગ યોજાયો.

**૨૯ મે - ૨ જૂન :** દર વર્ષની જેમ આ વર્ષે પણ હિન્દી શિબિર યોજાઈ. પ્રથમ દિવસે 'પ્રતિક્રમણ' હિન્દી પુસ્તકનું પારાયણ થયું હતું. બીજા દિવસે જ્ઞાન લીધેલા મહાત્મા બહેનો તથા મહાત્મા ભાઈઓ માટે 'બ્રહ્મચર્ય' પર વિશેષ સત્સંગ અલગ-અલગ સેશનમાં ગોઠવાયા. ત્રીજા દિવસે યોજાયેલ જ્ઞાનવિધિ દરમ્યાન ૭૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ચોથા દિવસે પૂજ્યશ્રીના વ્યક્તિગત દર્શનનો કાર્યક્રમ તથા જ્ઞાનવિધિ ફોલોઅપ સત્સંગ યોજાયા હતા. રાત્રિ સેશન દરમ્યાન ભક્તિ, ગરબા, પૂજ્ય નીરુમાની ફિલ્મ તથા સત્સંગ હાઈલાઈટ્સ ડીવીડીના કાર્યક્રમો થયા હતા. બીજી જૂને પૂજ્યશ્રીની નિશ્રામાં આગલોડ તીર્થની એક દિવસીય યાત્રાનું શિબિરાર્થીઓ માટે આયોજન થયું હતું. જ્યાં મણિભદ્રવીર, પાર્શ્વનાથ, ઋષભદેવ વિગેરે ભગવંતોના દર્શન કર્યા હતા. પૂજ્યશ્રીએ જગતકલ્યાણ માટે ભાવના કરાવી હતી. અને સીમંધર સ્વામીની આરતી થઈ હતી. ત્યાર બાદ ૧ કલાકનો વિશેષ સત્સંગ થયો, જેમાં અગાઉ પ્રશ્ન પૂછવાનો ચાન્સ ન મળ્યો હોય તેવાને તક આપવામાં આવી હતી. સાંજે ગરબાનો અનેરો આનંદ મહાત્માઓએ પૂજ્યશ્રી સંગે માણ્યો હતો. લગભગ ૨૦૦૦ જેટલા હિન્દી ભાષી મહાત્માઓએ આ શિબિરનો લાભ લીધો હતો.

**૪-૫ જૂન :** અડાલજ ત્રિમંદિર ખાતે પૂજ્યશ્રી દ્વારા 'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર' વિષય પર વિશેષ સત્સંગ યોજાયો.

**૬-૭ જૂન :** ગુજરાતના વિવિધ સેન્ટરો તથા ત્રિમંદિર સંકુલના વિવિધ ડિપાર્ટમેન્ટોના ૩૦૦ જેટલા કોર્ડીનેટરો માટે બે દિવસીય વિશેષ શિબિર યોજાઈ. પૂજ્યશ્રીએ આરંભ તથા અંતમાં બે સેશન દરમ્યાન સેવાના મહત્વ, તેમાં થતા કષાયો અને તેમાંથી નીકળવાની ચાવીઓ, ટીમવર્ક, કોમ્યુનિકેશન વિગેરે પર સુંદર સત્સંગ કર્યો હતો. જાણીતા ટ્રેનર દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિવિધ વિષયો પર અસરકારક રજુઆત થઈ હતી. સેવા-સાધનાના સમન્વય પર હાસ્યનાટિકા મહાત્માઓએ રજૂ કરી હતી.

**૮ જૂન :** અડાલજ સંકુલમાં સીમંધર સીટી તથા અંબા ટાઉનશીપના મહાત્માઓ માટે 'આનંદોત્સવ' કાર્યક્રમ યોજાયો. ખાણી-પીણીના અલગ-અલગ સ્ટોલ પર મહાત્માઓએ ચટાપટા સ્વાદ માણ્યા હતા. બાળકો માટે વિવિધ-એક્ટીવીટી પણ રાખવામાં આવી હતી. કાર્યક્રમ દરમ્યાન ભક્તિ, કૌશલ્ય પ્રદર્શન તથા 'ખણખોદ' પર હાસ્ય નાટક મહાત્માઓએ રજૂ કર્યું હતું. અંતે આરતી અને એન્થમ ગાવામાં આવ્યા હતા.

**૯ જૂન :** પૂજ્યશ્રીએ અમેરિકા-કેનેડાના ૫૦ દિવસના સત્સંગ પ્રવાસ માટે સીમંધર સીટીથી પ્રસ્થાન કર્યું હતું.

**અડાલજ ખાતે અંબા સ્કૂલ ફોર એક્સેલન્સમાં જૂન ૨૦૧૪ના નવા સત્રથી નર્સરીથી સ્ટાન્ડર્ડ-૧ અંગ્રેજી માધ્યમમાં શરૂ થયા છે.**

## ગુરુપૂર્ણિમા નિમિત્તે તા. ૧૨ જુલાઈ ૨૦૧૪ના રોજ વિવિધ સત્સંગ સેન્ટરો ખાતે થનાર ઉજવણી

| | સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું |
|---|---|---|---|
| ૧) | સીમંધર સીટી, અમદાવાદ ગાંધીનગર/કડી/કલોલ | સવારે ૯ થી ૧ | **અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી. (૦૭૯) ૩૯૮૩૦૧૦૦ |
| ૨) | દહેગામ | સવારે ૮-૩૦ થી ૧૨ | શાહ મનસુખ નાથજીભાઈની વાડી, પેટ્રોલ પંપ સામે. ૯૯૭૯૧૪૯૩૨૮ |
| ૩) | કેલીયા વાસણા, બાવળા, ધોળકા | સવારે ૯ થી ૪ | સિદ્ધાર્થ મહાદેવ હોલ, સરસ્વતી સ્કૂલની સામે, કલિકુંડ ચાર રસ્તા, ધોળકા. ૯૨૭૭૩૫૫૯૨૨ |
| ૪) | ડાકોર | સાંજે ૪ થી ૭ | બચુલીલા કન્યા શાળા, બોદાણા સર્કલ પાસે. ૯૮૯૮૨૯૭૬૦૬ |
| ૫) | કપડવંજ **(૧૩ જુલાઈ)** | બપોરે ૨ થી ૭ | એચ.એમ. પટેલની વાડી, ટાઉન હોલ પાસે. ૯૪૦૮૨૫૫૬૧૦ |
| ૬) | નડિયાદ | સવારે ૯ થી ૧ | બ્લડ બેંક હોલ, સંતરામ રોડ. ૯૯૯૮૯૮૧૯૬૫ |
| ૭) | ભાદરણ/આણંદ | સવારે ૯-૩૦ થી ૧ | **ભાદરણ ત્રિમંદિર**, સ્ટેશન રોડ. ૯૯૨૪૩૪૩૭૨૯ |
| ૮) | વડોદરા | સવારે ૯ થી ૪ | સત્યમ-શિવમ-સુંદરમ્ હોલ, RGB કોમ્પ્લેક્ષ, જલારામ મંદિર પાસે, કારેલીબાગ, વડોદરા. ૯૯૨૪૩૪૩૩૩૫ |
| ૯) | ચલામલી | સવારે ૮-૩૦ થી ૧૨ | ચલામલી **ત્રિમંદિર**. ૯૮૨૫૦૫૮૫૪૬ |
| ૧૦) | ભરૂચ/કોસંબા | સવારે ૯ થી ૬ | રાજપુત છાત્રાલય, હોસ્ટેલ ગ્રાઉન્ડની પાછળ, સેવાશ્રમ રોડ, પાંચ બત્તી, ભરૂચ. ૯૯૨૪૩૪૮૮૮૨ |
| ૧૧) | અંકલેશ્વર | બપોરે ૩ થી ૮ | જલારામ મંદિર હોલ, ભરૂચી નાકા, દીવા રોડ. ૯૮૨૫૭૫૩૫૩૩ |
| ૧૨) | સુરત | સવારે ૯ થી ૬ | સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, પહેલા માળે, અમર જ્વેલર્સ સામે, મીની બજાર, વરાછા રોડ. ૯૫૭૪૦૦૮૦૦૭ |
| ૧૩) | નવસારી | સવારે ૯ થી ૫ | સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજની વાડી, સાંસ્કૃતિક ભવન, શાંતાદેવી રોડ. ૯૯૬૬૭૯૩૨૦૯ |
| ૧૪) | બિલિમોરા, ચિખલી | સવારે ૯ થી ૩ | મંગલદીપ હોલ, ટાટાબાગ પાસે. ૮૪૬૯૫૦૫૦૫૨ |
| ૧૫) | વલસાડ જિલ્લો | સવારે ૮-૩૦ થી ૩ | પટેલ સમાજની વાડી, તીથલ રોડ. ૯૯૨૪૩૪૩૨૪૫ |
| ૧૬) | ગોધરા | સવારે ૯ થી ૫ | **ત્રિમંદિર**, ભામૈયા ગામ. ૯૮૨૫૪૩૧૫૦૩ |
| ૧૭) | દાહોદ | સવારે ૮-૩૦ થી ૧૨ | સીંધી સમાજની જમણ વાડી, એલ.આઈ.સી. ઓફિસની સામે, પોલીસ લાઈન. ૯૪૨૭૨૩૨૮૬૧ |
| ૧૮) | મહેસાણા | સવારે ૮-૩૦ થી ૪-૩૦ | દાદા ભગવાન સત્સંગ હોલ, નીલકંઠ પ્લાઝા, બીજા માળે, ટી.બી. રોડ. ૯૯૨૫૬૦૫૩૪૫ |
| ૧૯) | પાટણ | સવારે ૧૦ થી ૪ | કડવા પાટીદારની વાડી, સુભાષ ચોક. ૯૪૦૮૫૩૯૭૭૫ |
| ૨૦) | પાલનપુર (બનાસકાંઠા) | સવારે ૯ થી ૪ | વડીલ વિશ્રાંતિ ગૃહ, જૂની આર.ટી.ઓ. ચેક પોસ્ટ પાસે, આબુ રોડ હાઈવે, પાલનપુર. ૯૮૨૫૨૮૦૯૨૩ |
| ૨૧) | વાડોઠ | સવારે ૮ થી ૧૨ | સિદ્ધેશ્વર મંદિર, વડાલી, સાબરકાંઠા. ૮૧૨૮૯૧૪૧૨૧ |
| ૨૨) | ગાંધીધામ | સાંજે ૪ થી ૮-૩૦ | ૨૧, સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ, રિલાયન્સ પેટ્રોલ પંપની સામે, ગાંધીધામ-આદીપુર હાઈવે. ૯૫૭૪૦૦૮૧૨૪ |
| ૨૩) | અંજાર | સાંજે ૫ થી ૮-૩૦ | શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ ભવન (પીરવાડા). ૯૫૭૪૦૦૮૧૨૬ |
| ૨૪) | ભૂજ | સવારે ૧૦ થી ૧ | **ત્રિમંદિર**, હિલ ગાર્ડનની પાછળ. ૭૫૬૭૫૬૧૫૫૬ |
| ૨૫) | વિરમગામ **(૧૩ જુલાઈ)** | સાંજે ૪ થી ૬-૩૦ | આનંદ બાલમંદિર સ્કૂલ, લાધાપરા, ટાવર પાસે. ૯૮૨૪૩૬૭૮૪૫ |

| | સેન્ટર | સમય | કાર્યક્રમનું સરનામું |
|---|---|---|---|
| ૨૬) | સુરેન્દ્રનગર | સવારે ૯-૩૦ થી ૬-૩૦ | **સુરેન્દ્રનગર ત્રિમંદિર**, સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મૂળી રોડ. ૯૮૭૯૨૩૨૮૭૭ |
| ૨૭) | થાનગઢ **(૧૩ જુલાઈ)** | બપોરે ૩ થી ૮ | જોગ ધ્યાન આશ્રમ, તરણેતર રોડ, રેલ્વે ફાટકની બાજુમાં. ૯૮૭૯૦૭૫૦૭૬ |
| ૨૮) | ધ્રાંગધ્રા | સવારે ૯ થી સાંજે ૫ | જલારામ મંદિર, બીંદી ગેસ એજન્સી સામે, DCW રોડ. ૯૪૨૭૬૬૪૮૫૪ |
| ૨૯) | મોરબી | સવારે ૮ થી ૧ | **ત્રિમંદિર**, જેપુર ગામ, નવલખી રોડ. ૯૬૨૪૧૨૪૧૨૪ |
| ૩૦) | જામનગર | સવારે ૧૦ થી ૫ | કામદાર વાડી, અંબર સિનેમાની બાજુમાં. ૯૮૨૪૨૭૭૭૨૩ |
| ૩૧) | જામખંભાળીયા | સવારે ૯ થી ૧ | ગુજ્જર સુથારની વાડી, સ્ટેશન રોડ. ૯૪૨૮૦૭૫૮૩૮ |
| ૩૨) | ધ્રોલ | બપોરે ૨ થી ૮ **(૧૩-૭-૨૦૧૪)** | ઓસન માર્બલ, રાજકોટ-ધ્રોલ રોડ, ડાયમંડ ફેક્ટરીની સામે. ૯૪૨૭૫૧૦૯૩૩ |
| ૩૩) | રાજકોટ | સવારે ૯ થી ૫ | **રાજકોટ ત્રિમંદિર**, માલિયાસણ ગામ. ૯૯૨૪૩૪૩૪૭૮ |
| ૩૪) | ગોંડલ | બપોરે ૩-૩૦ થી ૭ | લોહાણા મહાજન વાડી, મહાદેવ વાડી. ૯૪૨૬૨૨૦૯૦૪ |
| ૩૫) | ઉપલેટા, સુપેડી જામજોધપુર, ભાયાવદર | બપોરે ૩ થી ૭ | જેરામભાઈ હોલ, પાંજરાપોળ રોડ, ઉપલેટા. ૯૯૯૮૫૩૫૦૮૫ |
| ૩૬) | ધોરાજી | સવારે ૯ થી ૫ | સાંસ્કૃતિક ભવન, જૂના બસ સ્ટેન્ડ, જેતપુર રોડ. ૯૮૯૮૫૬૫૧૩૧ |
| ૩૭) | જેતપુર | સવારે ૮-૩૦ થી ૧ | લેઉવા પટેલ સમાજ વિભાગ નં. ૩, ગાયત્રી મંદિર પાસે, જેતપુર. ૯૪૨૮૭૦૦૫૭૦ |
| ૩૮) | જૂનાગઢ | સવારે ૯-૩૦ થી ૬ | મહેસુલી કર્મચારી ભવન, છાયા બજાર. ૯૯૨૪૩૪૪૪૮૯ |
| ૩૯) | પોરબંદર | સવારે ૯-૩૦ થી ૧ | ભારતીય વિદ્યાલય પાસે, છાંયા ખડામાં. ૯૬૦૧૧૬૩૦૩૬ |
| ૪૦) | વેરાવળ | સવારે ૯ થી ૭ | શ્રી વીસા સોરઠીયા વણિક જ્ઞાતિની વાડી, ગોલારાણા સોસાયટી, ૬૦ ફૂટ રોડ. ૯૮૯૮૨૨૧૦૩૩ |
| ૪૧) | ઉના, દ્રોણ | સવારે ૯ થી ૫ | હેવન ડીહાઈડ્રેશન, મંગલમ આશ્રમ સામે, ઉના. ૯૮૨૫૪૫૪૨૧૧ |
| ૪૨) | ભાવનગર | સવારે ૯.૩૦ થી ૫-૩૦ | રામવાડી, ભીડભંજન મહાદેવ મંદિરની સામે, કલેક્ટર ઓફિસ સામે. ૯૯૨૪૩૪૪૪૨૫ |
| ૪૩) | પાલીતાણા | સવારે ૯ થી ૨ | પટેલ બોર્ડીંગ, બસ સ્ટેન્ડની સામે. ૯૪૨૯૬૩૮૫૪૨ |
| ૪૪) | બોટાદ | સવારે ૯ થી ૫ | સથવારા બોર્ડીંગ, હવેલી ચોક. ૯૮૨૪૮૮૦૧૫૪ |
| ૪૫) | અમરેલી | સવારે ૯-૩૦ થી ૪ | પટેલ વાડી, હીરામોતી ચોક, લીલીયા રોડ. ૯૪૨૬૯૮૫૬૩૮ |
| ૪૬) | સાવરકુંડલા | સાંજે ૫ થી ૭ | કુમાર શાળા, નદી કાંઠે, મહુવા રોડ. ૯૪૨૭૫૫૫૪૭૬ |
| ૪૭) | મુંબઈ | સાંજે ૪ થી ૮ | હાલારી વિસા ઓશવાલ સમાજ વાડી, દાદાસાહેબ ફાળકે રોડ, દાદર (સે.રે). ૯૩૨૩૫૨૮૯૦૧ |
| ૪૮) | પૂના | સવારે ૧૦-૩૦ થી ૩-૩૦ | હોટલ ગોલ્ડન એમરલ્ડ, મહર્ષિનગરના ખૂણે, માર્કેટ યાર્ડ. ૯૪૨૨૬૬૦૪૯૭ |
| ૪૯) | બેંગ્લોર **(૧૩ જુલાઈ)** | સાંજે ૪ થી ૭ | ડી.વી.વી. ગુજરાતી હાઈસ્કૂલ, અપારપેટ પોલીસ સ્ટેશન પાસે, મેજેસ્ટિક સર્કલ. ૯૫૯૦૯૭૯૦૯૯ |
| ૫૦) | હૈદરાબાદ **(૧૩ જુલાઈ)** | સવારે ૯ થી ૨ | હોટેલ વુડલેન્ડ, હિમાયતનગર. ૯૯૮૯૮૪૧૭૮૬ |




આપણે ત્યાં ત્રણ દિવસ ઉત્તમ; બેસતું વર્ષ, જન્મજયંતી અને આ ગુરુ પૂર્ણિમા. તે દહાડે અમે પેલા પૂર્ણ સ્વરૂપે એકાકાર હોઈએ ! હું (જ્ઞાની પુરુષ) પેલા સ્વરૂપની અંદર (દાદા ભગવાન જોડે) એકાકાર હોઉં. એટલે ફળ તેનું મળે ! તેથી દર્શન કરવાનું માહાત્મ્યને !

**-દાદાશ્રી**

પરમ પૂજ્ય દાદા ભગવાનની અસીમ કૃપા અને પૂજ્ય નીરુમાના આશીર્વાદથી અમે સૌ નોર્થ-સેન્ટ્રલ યુએસએના મહાત્માઓ આપ સહુને આપના પરિવારજનો, મિત્રો સાથે આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં પરમ પૂજ્ય દાદા ભગવાનની ગુરુપૂર્ણિમાની ઊજવણીમાં જોડાવવા માટે ભાવભર્યું આમંત્રણ આપીએ છીએ.

જય સચ્ચિદાનંદ

| Date | Spiritual Discourses | Morning Session | Evening Session |
|---|---|---|---|
| Tue. July 8 | GP Shibir | 9:30 to 12.30 pm | 4:30 to 7:00 pm |
| Wed. July 9 | GP Shibir | 9:30 to 12.30 pm | 4:30 to 7:00 pm |
| Thu. July 10 | Aptputra Satsang | 9:30 to 12.30 pm | |
| | GNANVIDHI | | 4:00 to 8:00 pm |
| Fri. July 11 | General Satsang | 9:00 to 12.30 pm | 4:30 to 7:00 pm |
| Sat. July 12 | GURUPURNIMA | 8:00 to 12.30 pm | 4:30 to 6.30 pm |
| Sun. July 13 | GP Shibir | 9:30 to 12.00 pm | - |

**Satsang Venue**

**St. Louis Union Station Doubletree by Hilton Hotel, 1820 Market Street, St. Louis, MO 63103**

**Contact: 1-877-505-DADA(3232) Ext.10, Email: gp@dadabhagwan.org**

## Pujya Deepakbhai's USA Satsang Schedule 2014

**Contact no. for all centers in USA & Canada: 1-877-505-DADA (3232) & email for USA - info@us.dadabhagwan.org, for Canada - info@ca.dadabhagwan.org**

| Date | Day | City | Session Title | From | To | Venue | Contact No. & Email |
|---|---|---|---|---|---|---|---|
| 18-July | Fri | San Jose | MHT Satsang | 6-30 PM | 9-00 PM | Sunnyvale Hindu Temple, 450 Perisian Drive, Sunnyvale, CA 9408 | Ext. 1024 northcalifornia@ us.dadabhagwan.org |
| 19-July | Sat | San Jose | General Satsang | 4-30 PM | 7-00 PM | | |
| 20-July | Sun | San Jose | Aptputra Satsang | 10-00 AM | 12-30 PM | | |
| 20-July | Sun | San Jose | **Gnanvidhi** | **2-00 PM** | **6-00 PM** | | |
| 21-July | Mon | San Jose | Follow up - Aptputra | 6-30 PM | 9-00 PM | | |
| 22-July | Tue | Pheonix | Mahatma Satsang | 6-00 PM | 9-30 PM | Indo-American Community Center, 2809 West Maryland Avenue, Phoenix, AZ 85017 | Extn : 1008 phoenix@ us.dadabhagwan.org |
| 23-July | Wed | Pheonix | Aptputra Satsang | 6-00 PM | 9-30 PM | | |
| 24-July | Thu | Los Angeles | MHT Satsang | 6-30 PM | 9-00 PM | Jain Temple 8072 Commonwealth Ave, Buena Park, CA 90621 | Ext. 1009 losangeles@ us.dadabhagwan.org |
| 25-July | Fri | Los Angeles | General Satsang | 6-30 PM | 9-00 PM | | |
| 26-July | Sat | Los Angeles | Aptputra Satsang | 10-00 AM | 12-30 PM | | |
| 26-July | Sat | Los Angeles | **Gnanvidhi** | **2-00 PM** | **6-00 PM** | | |
| 27-July | Sun | Los Angeles | Follow up - Aptputra | 9-30 AM | 12-00 PM | | |

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### પૂના

**૮-૯ ઓગષ્ટ** (શુક્ર-શનિ), સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧૦ ઓગષ્ટ** (રવિ), સાંજે ૫ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ** : વર્ધમાન સાંસ્કૃતિક કેન્દ્ર, આઈ માતા મંદિર પાસે, ગંગાધામ ચોક, માર્કેટ યાર્ડ. **સંપર્ક :** ૯૪૨૨૬૬૦૪૯૭

### અડાલજ ત્રિમંદિર

**૧૪ ઓગષ્ટ** (ગુરુ), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૧૫ ઓગષ્ટ** (શુક્ર), સાંજે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**
**૧૭ ઓગષ્ટ** (રવિ), રાત્રે ૧૦ થી ૧૨ - **જન્માષ્ટમી - (પૂજ્યશ્રીની નિશ્રામાં રાજકોટને બદલે હવે અડાલજમાં ઉજવાશે.)**
**૨૨** થી **૨૯ ઓગષ્ટ** (શુક્રથી શુક્ર) - **પર્યુષણ પારાયણ - આપ્તવાણી-૩** તથા **૭** ગ્રંથો પર **વાંચન-સત્સંગ-પ્રશ્નોત્તરી**
**૩૦ ઓગષ્ટ** (શનિ) - સવારે ૯ વાગ્યાથી **દર્શન**નો વિશેષ કાર્યક્રમ

### પાલી

**૬ સપ્ટેમ્બર** (શનિ), - **સત્સંગ** તથા **૭ સપ્ટેમ્બર** (રવિ), - **જ્ઞાનવિધિ** (સમયની જાહેરાત બાકી.)
**સ્થળ** : અનુવ્રત નગર, રામલીલા મેદાન પાસે, પાલી (રાજસ્થાન). **સંપર્ક :** ૯૨૫૨૦૬૫૨૦૨

### કોલકાતા

**૯-૧૦ સપ્ટેમ્બર** (મંગળ-બુધ), સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૧૧ સપ્ટે.** (ગુરુ), સાંજે ૫-૩૦ થી ૮-૩૦ - **જ્ઞાનવિધિ**
**સ્થળ** : વિદ્યા મંદિર (હિન્દી હાઈસ્કૂલ), મીન્ટો પાર્કની પાસે, ૧, મોઈરા સ્ટ્રીટ. **સંપર્ક :** ૯૮૩૦૦૦૬૩૭૬

### પટના

**૧૩ સપ્ટેમ્બર** (શનિ), સાંજે ૫-૩૦ થી ૮ - **સત્સંગ** તથા **૧૪ સપ્ટેમ્બર** (રવિ), સાંજે ૩-૩૦ થી ૭ - **જ્ઞાનવિધિ**
**સ્થળ** : રવિન્દ્ર ભવન, બીર ચંદ પટેલ પથ, એ.જી. ઓફીસ બિલ્ડીંગ પાસે, પટના સર્કિટ હાઉસ સામે. **સંપર્ક :** ૯૪૭૧૦૦૦૨૪૦

---

### પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪**
- **'સાધના' ટીવી પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન'-બિહાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ અને રવિવારે બપોરે ૪ થી ૪-૩૦ (હિન્દીમાં)**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)**

**USA**
- **'TV Asia' - દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST**

**સમગ્ર વિશ્વમાં (ભારત સિવાય) - 'સબ' ટીવી પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (હિન્દીમાં)**

### પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'-ગુજરાત (ગિરનાર) પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ તથા રાત્રે ૯ થી ૯-૩૦**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ રાત્રે ૮-૩૦ થી ૯**
- **'દૂરદર્શન' નેશનલ પર દર મંગળવારે સવારે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**
- **'સાધના' ટીવી પર દરરોજ સવારે ૭-૪૦ થી ૮-૦૫, સાંજે ૭-૧૦ થી ૭-૪૦ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (મરાઠીમાં)**

**USA**
- **'TV Asia' - દરરોજ સવારે ૧૧ થી ૧૧-૩૦ EST**

**USA-UK**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)**

---

ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ: (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; રાજકોટ : ૯૨૭૪૧૧૧૩૯૩; ભુજ (૦૨૮૩૨) ૨૯૦૧૨૩;
ગોધરા: (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; મોરબી: (૦૨૮૨૨) ૨૯૭૦૯૭; સુરેન્દ્રનગર: ૯૭૩૭૦૪૮૩૨૨
અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; મુંબઈ: ૯૩૨૩૫૨૮૯૦૧; વડોદરા (દાદા મંદિર) : ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); **Australia :** +61 421127947

જુલાઈ ૨૦૧૪
વર્ષ-૧૯, અંક-૧૧
સળંગ અંક-૨૨૭

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/23/2012
Valid up to 31-12-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## “ પ્રેમસ્વરૂપ થાય તો થાય આખા જગત જોડે અભેદતા ”

પ્રેમસ્વરૂપ એટલે શું ? કે બધું અભેદભાવે જોવું, અભેદભાવે વર્તન કરવું, અભેદભાવે ચાલવું. અભેદભાવ જ માનવો. ‘આ જુદાં છે’ એવી તેવી માન્યતાઓ બધી કાઢી નાખવી, એનું નામ જ પ્રેમસ્વરૂપ. એક જ કુટુંબ હોય એવું લાગે. સાચો પ્રેમ બધે આખા જગતને પકડી શકે. પ્રેમ ક્યાં ક્યાં હોય ? પ્રેમ ત્યાં હોય કે જ્યાં અભેદતા હોય. એટલે જગત જોડે અભેદતા ક્યારે કહેવાય કે પ્રેમસ્વરૂપ થાય તો. આખા જગત જોડે અભેદતા કહેવાય. એટલે ત્યાં આગળ બીજું કશું દેખાય નહીં, પ્રેમ સિવાય. તે અમારામાં આ પ્રેમ પ્રગટ થયેલો છે. તે કેટલાય માણસ અમારા પ્રેમથી જ જીવે છે ! નિરંતર દાદા, દાદા, દાદા ! એટલે પ્રેમ એવી વસ્તુ છે આ.

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.